REGISTERED N. B. 876

શ્રી જૈનશ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડીંગના હિતાર્થે પ્રગટ થતું

# बुद्धिप्रभा.

## LIGHT OF REASON.

ज्ञानदर्शनचारित्राणि मोक्षमार्गः

પુસ્તક ૪ થું. | માર્ચ ૧૯૧૩ વીર સંવત ૨૪૩૯ | અંક ૧૨ મો.

### વિષયાનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ઠ. | વિષય. | પૃષ્ઠ. |
|---|---|---|---|
| આંબો ... ... ... ... ... | ૩૫૫ | મોક્ષનો ધોરી માર્ગ.... ... ... | ૩૭૧ |
| કરી પ્રતિજ્ઞા પાળ. ... ... ... | ૩૫૬ | સમરાદિત્યના રાસ ઉપરથી ... ... | ૩૭૩ |
| સત્યપણું ... ... ... ... | ૩૫૯ | દયાનું દાન કે દેવકુમાર ... .. | ૩૭૬ |
| સત્યોપદેશ ... ... ... ... | ૩૬૨ | સ્વશ્લાઘા. ... ... ... ... | ૩૮૦ |
| કાવ્ય કુંજ ... ... ... ... | ૩૬૩ | બાલિકા સુબોધ ... ... ... | ૩૮૪ |
| માધ્યાત્મિક કેળવણી ... ... ... | ૩૬૬ | સત્યનો વિજય... ... ... ... | ૩૮૫ |


**प्रसिद्धकर्त्ता—श्री अध्यात्मज्ञानप्रसारकमंडळ.**

**વ્યવસ્થાપક—અમદાવાદ શ્રીજૈનશ્વેતાંબર મૂર્તિપૂજકબોર્ડીંગ—**

**તરફથી શંકરલાલ ડાહ્યાભાઈ કાપડીઆ.**

**સુપ્રીન્ટેન્ડન્ટ.**

**વાર્ષિક લવાજમ—પોષ્ટેજ સાથે રૂ. ૧—૪—૦ સ્થાનિક ૧—૦—૦**

અમદાવાદ શ્રી 'સત્યવિજય' પ્રીન્ટીંગ પ્રેસમાં શા. સાંકલચંદ હરીલાલે છાપ્યું.

# બોર્ડીંગ પ્રકરણ.

## આ માસમાં આવેલી મદદ.

૫–૮–૦ શા. માણેકલાલ વસ્તારામ બા. દર વરસે રૂ. ૫) પ્રમાણે આપવા કહેલા તે મુજબ સને ૧૯૧૨ ની સાલના. અમદાવાદ.

૨૦–૦–૦ શ્રી બાવીસ ગામના એકડાના પંચ તરફથી શા. વાડીલાલ બહેચરદાસ હ. શા. તલકચંદ ચુનીલાલ. મણંદ.

૧૬–૮–૦ શા. હીરાલાલ રણછોડદાસ તથા શા. વાડીલાલ મગનલાલ તથા શા. વીરચંદ દેવચંદે મલી આપ્યા બા. પૂંજા કરવાના કંતાન લાવવા માટે. અમદાવાદ.

૨૫–૦–૦ બાઇ ફુલી શા. ડાહ્યાભાઇ ચુનીલાલની વિધવા તરફથી શા. નથુભાઇ દોલતરામ હ. શા. મહાસુખભાઇ છગનલાલ. ,,

૧૫–૦–૦ શા. ડાહ્યાભાઇ લલ્લુભાઇ. ,,

---

૮૧–૮–૦

આ શિવાય શા. છગનલાલ ઝવેરચંદના ટ્રસ્ટી વકીલ મોહનલાલ ગોકલદાસ તરફથી ઘોળા ઘઉંનો આટો મણ સાડાત્રેર મળ્યો છે.

## નવા જૈન બેરીસ્ટર.

આપણી કાનફરન્સના આ૦ જનરલ સેક્રેટરી ભાઇશ્રી મકનજી જે. મહેતા જેઓ ઇંગ્લાંડ બેરીસ્ટરની પરીક્ષા અર્થે ગયેલા હતા તેઓ ચાલુ મહીનામાં તે પરીક્ષા પહેલા વર્ગમાં ફતેહમંદી સાથ પસાર કરી પધાર્યા છે. જેઓનુ સન્માન મુંબાઇના જૈનબંધુઓએ બંદર ઉપર સારી સંખ્યામાં હાજર થઈ કર્યું હતું ઉપરાંત માનપત્ર અને પાર્ટી આપવાની ગોઠવણ પણ થઇ છે—મી. મકનજી મુંબાઇ આવ્યા બાદ તરતજ શ્રીપાલીતાણા તીર્થની જાત્રા કરવા પધાર્યા હતા તેઓ પાછા મુંબઈ આવ્યા છે, ઇચ્છીશું કે તેઓ પોતાના કાર્યમાં વિજય મેળવતા રહે અને ધર્મની લાગણી પૂર્વક ધર્મ કાર્યોમાં પણ અગાઉ કરતાં વિશેષ ઉત્સાહથી કાર્ય કરે અને પ્રતેહ પામે.

---

## શાંત મૂર્તિ શ્રીમાન્ વૃદ્ધિચંદજી મહારાજના શિષ્ય પંન્યાસજી મહારાજ ગંભિર વિજયજી મહારાજનો સ્વર્ગવાસ.

ગયા પોસવદી ૮ ના રોજ રાત્રિના અગીઆર વાગે માત્ર ટુંક વખતની બીમારી ભોગવી આ મહાત્મા દેવલોક પામ્યા છે. આ ખેદજનક સમાચાર દેશો દેશ પ્રસરતાં સર્વે કોઇના અંતઃકરણમાં ખેદ થયા વગર રહ્યો નહીં હશે. મર્હુમ વયે વૃદ્ધ તેમજ સ્વભાવે શાંત, ભોળા અંતઃકરણના અને ક્રિયાપાત્ર હતા. જૈન આગમોનું તેઓશ્રી સારૂં બારીક જ્ઞાન ધરાવતા હતા. તેમના ઉપદેશમાં શાંતતા સરળતા યથાયોગ્ય જણાતી હતી. તેઓશ્રીએ સંસ્કૃતમા જ્ઞાન સાર અને અધ્યાત્મસારની ટીકા, તેમજ દશવૈકાલિક ધર્મ, પીસ્તાળીશ આગમ, નવ પદજી મહારાજની પૂજાઓ, કેટલાંક છુટાં સ્તવનો વિગેરે સાહિત્ય લખ્યા જૈન કોમના ઉપકાર માટે બાહેર મુકયું હતું. તેઓશ્રી શાંતિના ઉપાસક હતા તથા નિરંતર જ્ઞાન, ધ્યાન પઠન-પઠન લખવું, ગ્રંથો શોધવા વિગેરેમાંજ વખતનો વ્યય કરતા હતા. આવા વિદ્વાન્, શાંત મહાત્માના સ્વર્ગગમનથી જૈનકોમને ભારે ખોટ ગઇ છે. છેવટ ઉક્ત મહાત્માના આત્માને શાંતિ મળે એવી પ્રાર્થના કરી વિરામીએ છીએ.

# બુદ્ધિપ્રભા.

( The Light of Reason )

ब्रह्मानन्दविधानके पटुतरं शान्तिग्रहद्योतकम् ।
सत्यासत्यविवेकदं भवभय भ्रान्तिव्यवच्छेदकम् ॥
मिथ्यामार्गनिवर्तकं विजयतां स्याद्वादधर्मप्रदम् ।
लोके सूर्यसमप्रकाशकमिदं 'बुद्धिप्रभा' मासिकम् ॥

વર્ષ ૪ થું. તા. ૧૫ મી માર્ચ સન ૧૯૧૩ અંક ૧૨ મો.


## આંબો.

કોઈ એક જ્ઞાનીઓ વિચારે—એ રાગ.

વાવોને આંબો સન્ત વાવોરે, આંબો અમર છે રે જી.
શ્રદ્ધાનો કયારો કરીને તેમાં, સમકિત (વિવેક) ગોટલી વાવો હે જી.
કુમતિનાં ઝાંખરાં દૂર કરીને, ગુરૂબોધ મેઘ વર્ષાવો રે— આંબો૦ ૧.
યમ નિયમ વાડોલીઊ કરીને, ઉપયોગે સંભાળો હેજી-
કુગુરૂ પશુઓને દૂર કાઢી-ભ્રાન્તિ ઉંદર દૂર ટાળોરે— આંબો૦ ૨.
ભક્તિ ગડુલીએ પ્રેમના પાણીએ-સિંચો ભાવોલ્લાસે હેજી.
કલકલ કરતો મોટો થાશે-અનુભવજ્ઞાન પ્રકાશે રે— આંબો૦ ૩.
ડાળાં ને પાંખડાં તપલબ્ધિયો-નમતો નમતો જાશે હેજી.
શુદ્ધસમાધિ રસના યોગે, કાળે ફુલી શુભ વાસેરે.— આંબો૦ ૪.
અનુભવસુખનો મોર પ્રગટતાં, કેરી શિવફળ આવે હેજી.
બુદ્ધિસાગર અમૃત ફળરસ, પીતાં સુખમય થાવે રે.— આંબો૦ ૫.

## " करी प्रतिज्ञा पाळ "

( લેખક. મુનિશ્રીબુદ્ધિસાગરજી. મુ. પ્રાંતીજ. )

लाख वातनी वात एक, बोलीने संभाळ;
समजी साचुं सानमां, करी प्रतिज्ञा पाळ. १
बहु बोल्याथी बोलको, वाणीमां ना माल;
किम्मत वाणीनी गणी, करी प्रतिज्ञा पाळ. २
सहेलुं जगमां बोलवुं, दुर्लभ रहेणी ख्याल;
सत्य प्रतिष्ठा पामवा, करी प्रतिज्ञा पाळ. ३
कहेणी सम रहेणी रहे, ते कहेणीमां सार;
विवेकथी निश्चय करी, करी प्रतिज्ञा पाळ. ४
फरी जतो बोली घणुं, ते तो मूढ गमार;
सज्जन गुणने पामवा, करी प्रतिज्ञा पाळ. ५
बोल्युं तेवुं पाळवुं शूरा जननी चाल;
दिलमां धारी धैर्यने, करी प्रतिज्ञा पाळ. ६
टेक नेकथी मानवी, पामे मंगल माल;
वचन टेक जीव्युं गणी, करी प्रतिज्ञा पाळ. ७
कपट कळाना बोलमां दुःखरुप हडताळ;
सत्य टेक सुखमय गणी, करी प्रतिज्ञा पाळ. ८
सत्य वचन विश्वासमां सुखशान्ति रहेनार;
प्रमाणिकता पामवा, करी प्रतिज्ञा पाळ. ९
बोली बोल विचारीने, छोडी माया जाल;
बुद्धिसागर टेकथी, करी प्रतिज્ञा पाळ. १०

---

### પ્રતિજ્ઞા પાલન.

ઉત્તમ મનુષ્યો મનનાં વિચાર કરીને પ્રતિજ્ઞા કરે છે અને પ્રતિજ્ઞા કર્યા બાદ કરેલી પ્રતિજ્ઞામાં સ્વજીવન અવબોધી અનેક દુઃખો વેઠી કરેલી પ્રતિજ્ઞા પૂર્ણ કરે છે. મૂઢ અને મન્દ વીર્યવાળા મનુષ્યો પ્રતિજ્ઞા કરે છે અને વિપત્તિ આવતાં તુર્ત પ્રતિજ્ઞાનો ત્યાગ કરે છે. મૂઢ મનુષ્યો પ્રતિજ્ઞાની કિમ્મત ઓછી આંકે છે તેથી તેમની કિમ્મત પણ જગતમાં ઓછી આંકી શકાય છે. મૂઢ મનુષ્યોને પ્રતિજ્ઞા કરવામાં મુશ્કેલી જણાતિ નથી અને પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ થવામાં પણ મુશ્કેલી જણાતી નથી. મૂઢ મનુષ્યોની ટેકમાં કંઇ માલ હોતો નથી

તેથી તેમના વચનમાં લોકોને વિશ્વાસ પડતો નથી. પામર જીવો બોલીને પાછું ગળી જાય છે. જે મનુષ્યો કરેલી પ્રતિજ્ઞા પાળવાને આત્મશક્તિ ધરાવી શકતા નથી તેઓ પોતાના આત્માને પોતાના હાથે હલકો કરે છે અને તેથી લોકોમાં તેમનો ભાર બોજ પડતો નથી. મન્દ વીર્ય-વાળા જીવો ઘડી ઘડીમાં પ્રતિજ્ઞાઓ કરે છે અને જરા વારમાં પ્રતિજ્ઞાનો લોપ કરી પ્રગતિના માર્ગમાં પોતાના હાથે કાંટા વેરી પોતાનું જીવન ખરાબ કરે છે. બાળ જીવો સિંહની પેઠે શૂરા થઇ પ્રતિજ્ઞા કરે છે અને શ્વાનની પેઠે પ્રતિજ્ઞાને પાળવા સમર્થ થતા નથી. બાગ-જીવો જેમ આવે તેમ બોલે છે અને પોતાનો સ્વાર્થ સાધવા અનેક પ્રકારની વિશ્વાસ પમાડવાને વાણીરચના કરે છે પણ તેઓ અન્તે સ્વાર્થસાધક હોવાથી સ્વપ્રતિજ્ઞાથી ભ્રષ્ટ થાય છે અને પોતાની પેઠે અન્ય જીવોને પણ પ્રતિજ્ઞા ભ્રષ્ટ થવાનો દાખલો આપે છે. જે મનુષ્યો બોલે છે કંઇ અને કરે છે કંઇ તે મનુષ્યો પ્રતિજ્ઞા શબ્દની કિમ્મત કરવા સમર્થ થતા નથી તો તેનું પાલન કરવા તો ક્યાંથી સમર્થ થઇ શકે. જે મનુષ્ય ભાષાઓનું જ્ઞાન ધરાવતો નથી પણ જે પ્રતિજ્ઞા કરે છે તે પાળે છે તે મનુષ્ય ખરો પ્રમાણિક સમજવો. જે મનુષ્ય બોલી બોલીને ફરી જાય છે અને પોતાની જાતને છેતરે છે તે પ્રતિજ્ઞાભ્રષ્ટ થએલો હોવાથી તેની વાણીમાં કોઇને વિશ્વાસ રહેતો નથી. લક્ષ્મી મળવાથી વા સત્તા મળવાથી વા વિદ્વાન્ થવાથી પ્રતિષ્ઠા થતી નથી પણ બોલ્યા પ્રમાણે ચાલવાથી મનુષ્યની ગમે તેવી દશામાં પ્રતિષ્ઠા પડે છે અને તે જગત્ની આગળ હીરાની પેઠે પ્રકાશી નીકળે છે. પ્રતિજ્ઞા પાળવાથી જે શોભા મળે છે તે ધન-સત્તા વા વિદ્યાથી મળતી નથી. પ્રતિજ્ઞા પાલન કરવાથી આત્માની ધૈર્યશક્તિ ખીલે છે અને તેથી મનુષ્ય પોતાનું નામ જગતમાં અમર મૂકી જાય છે. પ્રતિજ્ઞાની કિમ્મત આગળ ધન, રૂપ, કુલ, અને સત્તાની કંઇ પણ કિમ્મત નથી. પ્રતિજ્ઞા પાલન કર્યા વિના મનુષ્ય અન્ય લોકોનો પોતાની ઉપર વિશ્વાસ બેસાડી શકતો નથી.

પ્રતિજ્ઞા પાલન કરવા માટે અનેક વિપત્તિયો સામું લડવું પડે છે અને અનેક દુઃખો ભોગવવાં પડે છે. પ્રતાપરાણાને પ્રતિજ્ઞા પાલન કરવામાં અનેક દુઃખો નડ્યાં હતાં. પ્રતિજ્ઞા પાલન કરવામાં દુર્જનો તરફથી ઘણું વેઠવું પડે છે અને નિરાશામાં પણ આશાનું અવલંબન કરી જીવન ટકાવવું પડે છે. પ્રતિજ્ઞાના શબ્દો બોલવા એ રૂપા જેવા છે પણ પ્રતિજ્ઞા પાળવી એનો રત્ન કરતાં ઘણી કિમ્મતી છે. પ્રતિજ્ઞા પાલન કરવામાં આત્મભોગ આપવો પડે છે અને દુઃખોની સાથે મૈત્રી કરીને રહેવું પડે છે. પ્રતિજ્ઞા પાલન કરવામાં મમત્વને દેશવટો દેવો પડે છે અને સંકટ વેઠવા રૂપ તપ કરવું પડે છે. પ્રતિજ્ઞા પાલન કરવામાં અનેક ઇચ્છાઓ અને સ્વાર્થોને દેશવટો દેવામાં આવે છે અને આત્માનું વીર્ય ખરેખર પ્રતિજ્ઞાની સિદ્ધિ તરફ વાળવામાં આવે છે. પ્રતિજ્ઞા પાલન કરવામાં તન મન અને ધનનો ભોગ આપવો પડે છે અને પ્રાણનો પણ હિસાબ ગણવામાં આવતો નથી.

પ્રતિજ્ઞા પાલન કરનાર મનુષ્ય મહાકાર્યો કરવા સમર્થ થાય છે. નાની નાની પ્રતિજ્ઞાઓને પણ જીવ સટોસટ માનીને તેની સિદ્ધિ કરવા જેઓ આત્મવીર્યનો ઉપયોગ કરે છે તેઓ પોતાના આત્માને સત્યના માર્ગમાં લેઇ જાય છે અને જય-લક્ષ્મી અને સુખને પોતાના હસ્તગત કરે છે. લાખો શબ્દો બોલ્યા કરતાં થોડા શબ્દો બોલવા પણ બોલ્યા પ્રમાણે વર્તન રાખવા પ્રયત્ન કરવો એજ શાન્તિ ખીલવવાની મૂળ કુંચી છે. લાખો શબ્દોથી જે કાર્ય

તરફ વાળવા હોય અને જગતમાં વીર ગણાવું હોય તો સત્ય વચનની ટેક ધારણ કરવી. સત્ય વચન ને પાલન કરવાથી બીજીવાર પ્રતિજ્ઞા પાળવામાં હજાર ગણું આત્મામાં બળ પ્રગટે છે. જે મનુષ્યો નાની નાની બાબતોમાં પણ પોતાના શબ્દની કિમ્મત આંકી શકે છે તેમની વાણીમાં અલૌકિક તેજ સ્ફુરી નીકળે છે અને તેઓનો આત્મા ધૈર્યથી પ્રકાશે છે. પ્રતિજ્ઞા પાલન કરવામાં મરણ એ મરણ નથી પણ ઉત્તમ જીંદગીનું શુભ જીવન છે. પ્રતિજ્ઞા પાલન કરવામાં વખતનો ભોગ આપવો પડે છે અને પોતાના આત્માને અપ્રમાદી બનાવવો પડે છે. પ્રતિજ્ઞા ભંગ એ એક જાતનું મરણ છે તેથી શૂરા પુરૂષો પ્રતિજ્ઞા પાલન કરવામાં શીર્ષને પણ દૂર મૂકી પ્રયત્ન કરે છે. પ્રતિજ્ઞાનું પાલન કરવામાં પોતાના આત્માની કસોટી થાય છે અને આત્માનો અધિકાર સમજાય છે.

જ્ઞાની પુરૂષો પ્રતિજ્ઞા પાલકને વખાણે છે. પ્રતિજ્ઞા પાલકને દેવતાઓ વધાવે છે અને તેનો મહિમા સ્તવે છે. પ્રતિજ્ઞા પાલક મનુષ્યો જગતમાં સત્યનો વ્યવહાર જાળવી શકે છે. પ્રતિજ્ઞા પાલક મનુષ્યો જગતમાં સત્યની પ્રતિષ્ટા વધારે છે અને વિશ્વાસને પોષે છે અને નીતિના માર્ગને સ્વચ્છ કરે છે. પ્રતિજ્ઞા પાલક મનુષ્યોની કીર્તિથી જગત છવાઇ જાય છે. પ્રતિજ્ઞાપાલક મનુષ્યોથી જગતની સત્યમર્યાદા જળવાઇ રહે છે. પ્રતિજ્ઞા પાલક મનુષ્યો એ કલ્પવૃક્ષ અને કામ કુંભથી અધિક છે. જેઓ પ્રતિજ્ઞાને પાળવા સમર્થ થાય છે તેઓ આખી દુનિયાનું પાલન કરવા સમર્થ થાય છે. જે મનુષ્યો પ્રતિજ્ઞાને પૂજે છે તે ધર્મને પૂજે છે અને તે દેવને પૂજે છે અને તેઓ પોતાને પૂજે છે. જે મનુષ્યો પ્રતિજ્ઞાથી ભ્રષ્ટ થાય છે તે પોતાના આત્માથી વિમુખ થાય છે. જે મનુષ્યો પ્રતિજ્ઞા પાલન કરવામાં ખરે ખરૂં લક્ષ રાખે છે તેઓ સત્યની પાસે જવામાં ખરેખરૂં લક્ષ રાખી શકે છે. જે મનુષ્યો પ્રતિજ્ઞા પાલન રૂપ ચારિત્રને નભાવી શકતા નથી તેઓ મોહના સેવક બને છે અને તેઓ કાયરમાં ગણાય છે. જે મનુષ્યો જે જે વખતે જે જે બોલે છે તે તરફ રૂચિ ધારણ કરતા નથી અને આપેલાં વચનોને લોપે છે તેઓ પોતાના આત્માને ઉત્તમ બનાવી શકતા નથી.

બોલેલા બોલ પાળવાને સમર્થ થવું એજ બળવાન થવાની પ્રથમ નિશાની છે. ચારે તરફનો વિચાર કરીને કોઇ કાર્ય કરવાનું વચન બોલવું અને કોઇને અમુક પ્રતિજ્ઞા વચન આપવું પણ પશ્ચાત્ અનેક પ્રકારની ઉપાધિ આવે બોલેલા વચનથી ભ્રષ્ટ થવું નહિ. તમારા આત્માને ઉચ્ચ બનાવવો હોયતો પોતાની પ્રતિજ્ઞાના શબ્દો તરફ લક્ષ આપો. જે જે સમે જે જે પ્રસંગોમાં જે જે પ્રતિજ્ઞારૂપે સર્વની સમક્ષ વા પોતાના આત્માની સમક્ષ બોલાયું હોય તે પ્રમાણે વર્તો એટલે સુખના ભોક્તા બનશો.

---

ઓ પ્રેમ ! મધુર પ્રેમ ! તેં મને યુગોના યુગો સુધી ઠગ્યો છે.
ઘડીમાં શત્રુઓ અને મિત્રોની પાછળ સંતાઇને,
ઘડીમાં નિંદા અને સ્તુતિમાં અદૃશ્ય થઇને,
ઘડીમાં આનંદ અને અહંકારમાં ખોવાઇ જઇને,
ઘડીમાં વિપત્તિ અને દુઃખોમાં દબાઇ જઇને,
ઘડીમાં સંસારના સંકટોમાં લપાઇ જઇને.

# सत्पणुं.

## પ્રકરણ બીજું-વિશ્વ.

(હરબર્ટ વૉરનના લેખનો અનુવાદ.)

(અનુસંધાન અંક ૩ ના પાને ૭૬ થી.)

(લેખક. શંકરલાલ ડાહ્યાભાઇ. કાપડીઆ.)

માણસ, ફિરસ્તા વિગેરે જીવદ્રવ્યનાં દ્રષ્ટાંતો ઉપર બતાવ્યાં છે. આ જીવદ્રવ્યની મલિન સ્થિતિનાં દ્રષ્ટાંતો છે.

મનુષ્યો, ફિરસ્તાઓ વિગેરેની અંદર કુદરતી રીતે અદ્રશ્ય આત્મા, સંભ્રમ રીતે, દ્રશ્ય અને સ્પર્શનીય પુદ્ગલીક વસ્તુ સાથે ભળેલો છે તેથી કરી જેવી રીતે લીંબુનો રસ પાણી-અને ખાંડના ઉમેરવાથી મીઠો લાગે છે તેવી રીતે તે જ્ઞાનેંદ્રિયમાં દ્રશ્યભાસે છે, ઉપર મુજબ કરેલા મીઠા લીંબુના રસમાં જેમ લીંબુનો ખાટો રસ અદ્રશ્ય રીતે રહેલો છે તેવી રીતે આત્મા તેની પવિત્ર સ્થિતિમાં અદ્રશ્યપણે રહેલો છે.

આવી રીતે પહેલી જાતના દ્રવ્યનું સત્પણું પ્રતિપાદન કરેલું છે અને તે (જીવદ્રવ્ય) એકજ વ્યક્તિનો વિશ્વવ્યાપક ઘણો મોટો આત્મા નથી પણ જનસમુહમાં અરસ્પરસ પ્રતિબંધકપણે રહેલા વ્યક્તિગત ભિન્ન ભિન્ન આત્માઓ છે. આપણે હવે અજીવ દ્રવ્યના પેટાવિભાગ કરીશું.

### અજીવ પદાર્થ.

જે સઘળી નીચે સત્ વસ્તુઓ બતાવવામાં આવી છે તે સર્વમાં જડત્વ નો ગુણ અંતર્ભાવે છે.

અજીવના પાંચ પ્રકાર છે તેમનાં નામઃ—

1. Matter. પુદ્ગલાસ્તિકાય.
2. Space. આકાશાસ્તિકાય.
3. An ether the fulcrum of motion. } ધર્માસ્તિકાય (ગતિસહાયક)
4. An ether the fulcreem of rest in the sense of not moving. } અધર્માસ્તિકાય (સ્થિરતા આલંબન)
5. Time (which is only a figurative sense a substance. } કાળ (જે ઉપચારથી માત્ર દ્રવ્ય છે)

આ સઘળી વસ્તુઓ લાગણી કે ચૈતન્ય વિનાની છે.

### પુદ્ગલાસ્તિકાય.

આ રસાયનશાસ્ત્રથી અને ચિકિત્સાથી ઘણી સારી રીતે સમજી શકાય તેમ છે. આમાં જે સત્ દ્રવ્ય છે તે આખરનું, અવિભાજ્ય-પરમાણુ છે. પરમાણુઓના પદાર્થો બને છે પરંતુ પરમાણુઓ કોઇ કોઇ બીજા પદાર્થનાં બનતાં નથી. હાલનું વિજ્ઞાન શાસ્ત્ર પરમાણુની જે જાડાઇ બતાવે છે તે જૈનોની વિચારપૂર્વક અને બુદ્ધિગમ્ય રીતે બતાવેલી જાડાઇ કરતાં ઘણી વધારે છે. હાલનું વિજ્ઞાન શાસ્ત્ર જે પરમાણુનું પ્રમાણ સાબિત કરે છે તે જૈન દ્રષ્ટિએ જોતાં અસંખ્ય પરમાણુનું બનેલું છે તેથી તે ખરી રીતે છેવટનું અણુ નથી

## ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય.

ઉપર બતાવેલ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય આ બન્ને દ્રવ્યો જૈન દૃષ્ટિએ પુદ્ગલ નથી. રૂપી પદાર્થમાં જુદી જુદી જાતના ગુણો અને અન્વયો ( સંબંધો ) હોય છે તેવી રીતે આ દ્રવ્યોમાં નથી.

આ બે દ્રવ્યોને જૈનોનું તત્વજ્ઞાનજ માન્ય કરે છે. આ બે દ્રવ્યોમાં જે ધર્માસ્તિકાય છે તે જીવ તથા અજીવને ગતિ આપવામાં સહાયભૂત છે અર્થાત્ ગતિસહાયક છે અને અધર્માસ્તિકાય તે જીવને તેમજ અજીવને સ્થિર રાખવાને આલંબનરૂપ છે. દરેક બાબતમાં આ બન્ને કારણો-હેતુઓ માનવાની જરૂર પડે છે તે વિના તમો કંઇ પણ કરી શકો નહિ.

## આકાશાસ્તિકાય.

આકાશ એ એવું દ્રવ્ય છે કે જે પોતાની અંદર સઘળાં દ્રવ્યોનો સ્વીકાર કરે છે અને તે કોઇ પણ જાતની વસ્તુ કે પદાર્થ નથી કે તેને સમાવાની જરૂર પડે. તેને સમાવાની જરૂર પડે એવો તેનો સ્વભાવજ નથી. તે સત્ દ્રવ્ય છે પણ પુદ્ગલ નથી.

## કાળ.

વખત એ બીજાં પાંચ દ્રવ્યોની માફક અવિભાજ્ય અને એક બીજાથી છુટાં ન થઇ શકે અર્થાત્ અભિન્ન એવાપ્રદેશોનો સ્કંધ (સમુહ) નથી ( અર્થાત્ બીજા દ્રવ્યોની પેઠે તેને કાલાસ્તિકાય કહેવામાં આવતો નથી.) તેને સગવડતાની ખાતરજ દ્રવ્ય માનવામાં આવ્યું છે. વાસ્તવિક રીતે તે દ્રવ્યનું રૂપાંતર છે. તે જીવ અને અજીવની વિકૃતિ છે જેના વડે આપણે પૂર્વભાવી, પશ્ચાત્ભાવી, નવું જુનું જાણી શકીએ છીએ. તે એક વિકૃતિ છે જે બીજાં દરેક દ્રવ્યોમાં સામાન્ય છે. વાસ્તવિક રીતે વખત એ દ્રવ્યોની ગતિનું ભાજન છે.

## દ્રવ્યની વ્યાખ્યાઓ.

જગતમાં ભિન્ન ભિન્ન પ્રકારનાં જે જે દ્રવ્યો રહેલાં છે તે આપણે કહી ગયા, હવે આપણે તે દ્રવ્યનાં લક્ષણો—વ્યાખ્યા વિષે કહીશું. તેની વ્યાખ્યા એવી હોવી જોઇએ કે જે ઇંદ્રીયગોચર અને દ્રશ્ય પદાર્થો છે તેનો તેમજ આત્મા કે જે ઇંદ્રીય ગોચર નથી ( અર્થાત્ અતીંદ્રીય વિષય છે ) તેનો પણ અંદર સમાવેશ થઇ જવો જોઇએ.

કોઇ પણ દ્રવ્ય ચાર જુદી જુદી રીતે સમજી શકાય છે અને તેથી કરી આ ચાર રીતમાંથી કોઇ પણ રીતે તેનો નિશ્ચય કરી શકાશે. આ માત્ર વિચારથી સાધ્ય છે તે કંઇ ખરેખરી બીના નથી.

**વ્યાખ્યા નંબર ૧.** વખતની વિષમતા, પ્રદેશ અને પર્યાયો ગર્ભિતપણે જેની અંદર સાથે રહેલાં છે તેને દ્રવ્ય કહેવાય છે. દ્રવ્યાર્થીક નયની અપેક્ષાએ આવી રીતે દ્રવ્યની વ્યાખ્યા કરી શકાય છે.

કોઈપણ દ્રવ્યનો સમુદાય જે જે પદાર્થોનો બનેલો હોય, તે પદાર્થોમાં ફેર હોય તે છતાં પણ તે દ્રવ્ય સમુદાયમાં ઐક્ય માલુમ પડે છે.

દાખલા તરીકે—ચૈતન્યમય જીવો દરેક અરસપરસ એક બીજા સાથે એકરૂપ નથી તો પણ તે દરેકમાં આત્મા છે, તે એક દ્રવ્ય છે.

**વ્યાખ્યા નંબર. ૨.** ગુણ અને પર્યાયને જે વિષયભૂત કરે છે તે દ્રવ્ય કહેવાય છે. આ વ્યાખ્યા વસ્તુની સ્થિતિને લેઇને અર્થાત્ પર્યાયાર્થિકનયની અપેક્ષાએ છે. સદા દ્રવ્યની સાથેજ તેનો ગુણ હોય છે પણ તેના પર્યાયો એક પછી એક બદલાયાજ કરે છે. કોઇ

છતાં તે કદિ આકૃતિ સિવાયનો હોતો નથી. વસ્તુની આકૃતિ તે તેનો સદાનો ગુણ છે. તે વખતે ગોળ હોય ચોખંડી હોય, આ પર્યાયો છે.

**વ્યાખ્યા નંબર ૩** ઉત્પાદ, વ્યય અને ધ્રુવ જેને વિષે હોય તેને દ્રવ્ય કહી શકાય છે. આ વ્યાખ્યા દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક નયની અપેક્ષાએ છે. નવા પર્યાયના ઉત્પાદની સાથે જુના પર્યાયનો ક્ષય થાય છે અને જે દ્રવ્ય છે તે સદા શાસ્વતુ રહે છે. કોઇ પણ ઘરનો નાશ થાય છે તે વખતે તેનાં ચગીઆં પથરાના ઢગ ઢગલારૂપે ઉત્પન્ન થાય છે પરંતુ તેનાં માટી, ચુનો, ઇંટો વિગેરે તો તેનું તે છે. દ્રવ્ય નાશ થતું નથી તેમ ઉત્પન્ન પણ થતું નથી માત્ર તેની વર્તમાન સ્થિતિનો અર્થાત્ પરમાણુઓના અરસપરસ સંબંધો નાશ અને ઉત્પન્ન થાય છે.

**વ્યાખ્યા નંબર–૪.** દ્રવ્ય એવી વસ્તુ છે કે જે દરેક અમુક જાતિ સબંધીનું કામ સિદ્ધ કરે છે—સંપૂર્ણ કરે છે. સાધારણ રીતે વિચારી જોતાં તે માલમ પડશે. આ અમુક ખાસ દ્રવ્યના અંગે લાગુપડશે. ઉપર મુજબ દ્રવ્યની વ્યાખ્યાઓ સમજાવવામાં આવી છે તે દરેક વ્યાખ્યાઓ માત્ર પુદ્ગલને લાગુ પડે છે એટલુંજ નહિ પરંતુ આત્માને પણ લાગુ પડે છે. હવે આપણે દ્રવ્યના સ્વભાવો વિષે આરંભ કરીશું. તેના કયા કયા સ્વભાવો છે?

## દ્રવ્યના સ્વભાવો.

દરેક દ્રવ્યમાં બે જાતના સ્વભાવો માલૂમ પડે છે. કોઇ પણ દ્રવ્ય, કોઈ પણ સતધર્મ વિશિષ્ટ હયાતી ભોગવતી સજીવ કે નિર્જીવ વસ્તુ **સામાન્ય** અને **વિશેષ** બન્ને પ્રકારે માની શકાય છે એટલે કહેવાનું કે દ્રવ્યની અંદર તમામ વસ્તુઓને લગતો એક સામાન્ય સ્વભાવ છે તેમજ તેને પોતાને લગતો બીજો ખાસ વિશેષ સ્વભાવ છે.

દાખલા તરીકે જે બધી પુદ્ગલીક વસ્તુઓ છે તેના જેવી સામાન્ય ધર્મી આ એક ચોપડી ( પુદ્ગલીક )વસ્તુ છે. તેનો ખાસ સ્વભાવ નામે કાગળ છે. જૈન ધર્મ મુજબ જોતાં એકલી સામાન્ય ધર્મવાળી કોઇ પણ પુદ્ગલીક વસ્તુ નથી તેમ એકલા સામાન્ય ધર્મવાળું કોઇ પણ દ્રવ્ય નથી. જ્યાં જ્યાં પદાર્થ હોય છે ત્યાં તેનામાં વિશેષ ધર્મ રહેલોજ હોય છે.

દાખલા તરીકે કાગળ પથ્થર નહિ. જે જે દ્રવ્ય છે તેમાં પણ વિશેષ ધર્મ હોય છે. દાખલા તરીકેઃ—પુદ્ગલ, આકાશ નહિ. ( આકાશ એ દ્રવ્ય છે ) દ્રવ્યના સામાન્ય સ્વભાવોમાં એક અસ્તિત્વ છે અને બીજો પ્રમેયત્વ છે. કેન્ટ ફીલોસોફીથી આ સ્વભાવ ( પ્રેમયત્વ ) જૈન ધર્મને જુદો પાડે છે. જૈનધર્મ પ્રમાણે વસ્તુઓ જ્ઞાતવ્ય છે. સામાન્ય સ્વભાવો સદા શાસ્વતા છે અને તેનો વ્યવચ્છેદ થતો નથી. બીજા સ્વભાવો સઘળાં દ્રવ્યોમાં સામાન્ય છે અને એક વિચારે તેઓ નિત્ય અનુત્પન્ન ( નિત્ય સામાન્ય સ્વભાવ ) છે અને બીજા વિચારે નાશવંત ( અનિત્ય સામાન્ય સ્વભાવ ) છે. વીંટી તરીકે સોનું (સોનાનો પર્યાય) નાશ પામે પણ તે હમેશાં કોઇ કોઇ ઠેકાણે કંઇ કંઇ હોય છે બીજા સામાન્ય સ્વભાવો એક, અનેક, ભેદ, અભેદ વિગેરે છે. સર્વજ્ઞની દ્રષ્ટિએ જોઇશું તો વસ્તુના સામાન્ય સ્વભાવો અપાર છે. દ્રવ્યના ખાસ સ્વભાવોમાંનું ચૈતન્ય એક છે અને તે ફક્ત જીવોમાંજ હોય છે. બીજો ખાસ સ્વભાવ આકૃતિનો છે અને તે ખાસ પુદ્ગલને જ લગતો છે વળી બીજી જે સમાવવાની જીના છે તે પ્રદેશને લગતી છે. સર્વજ્ઞની દ્રષ્ટિએ જોતાં વસ્તુના ખાસ સ્વભાવો છે તે સામાન્ય સ્વભાવની માફક છે અને અપારછે. દરેક વસ્તુઓમાં પોતીકા સ્વભાવો હોય છે તે સ્વભાવો બન્ને રીતે એટલેખાસ પોતાને લગતા હોય છે તેમજ બીજી વસ્તુઓની સાથે સામાન્ય છે. હવે જે દ્રવ્યને લગતો બીજો વિષય છે, તેને જાણવાને પ્રકારો છે અથવા ન્યાયો છે. તત્વજ્ઞાનના ગુણોમાં એક એવો ગુણ છે કે જે જ્ઞાત વસ્તુમાંથી અજ્ઞાત વસ્તુમાં લેઇ જાય છે. તે જૈન પદ્ધતિ નીચે મુજબ છે.

૧ વિભાવના. Synstatis ૨ વ્યવચ્છેદ–પૃથ્થકરણ ૩ સંયોજના.

૧ વિભાવના પ્રથમ છે. પૃથ્થકરણ પહેલાંની તે મનની સ્થિતિ છે. તે વસ્તુનું અનિશ્ચિત જ્ઞાન છે અથવા નિર્હેતુક તરીકે વિચાર છે. આ વસ્તુ સ્થિતિનું પૃથ્થકરણ કરી શકાય છે. સત્યથી દુનિયાની એકમતા–અભેદતા જે તત્વ જ્ઞાનીઓ જાહેર કરે છે એવું જે ધરાય છે તે આ છે.

**પૃથ્થકરણ એ બીજે નંબરે છે.** પૃથ્થકરણ એટલે મુળ તત્વોનું શોધન કરવું, જુદા પાડવું, અથવા ભાગોને, તત્વોને, સ્વભાવોને અથવા જ્ઞાનના હેતુના રૂપોને જુદાં પાડવાં તે છે.

**સંયોજના છેલ્લું છે.** પૂર્વગામી જે બિનપાયાદાર, અનિશ્ચિત જ્ઞાનને વિવિધ નયોની સંબંધિક એકમતા બનાવવાને પ્રશ્ચાત્ ગામી પૃથ્થકરણની સાથે મુકીએ ત્યારે સંયોજના થઇ કહેવાય છે.

આવી રીતે બીજો વિષય જે નયોના વિચાર સંબંધી છે તે હવે શરૂ કરી શું.

(અપૂર્ણ.)

---

# सत्योपदेश.

(અન્ય ધર્મીઓનો સત્ય સબંધી બોધ.)

(૧) સત્યના સમાન બીજો ધર્મ નથી અને સત્યથી ઉત્કૃષ્ટ વસ્તુ બીજી કોઇ નથી, આ લોકમાં અસત્યથી વધારે તીવ્ર બીજું શું હોઇ શકે? **(મનુસ્મૃતિ)**

(૨) અસત્ય બોલવું એ માત્ર અપ્રમાણિક પણું છે એટલુંજ નહિ પણ હિચકારૂં છે. સત્ય બોલવાની હિંમત ધરો, કદી પણ જુઠું બોલી કામ કરવાની જરૂર નથી. **(જ્યોર્જ હર્બર્ટ.)**

(૩) સત્યમાં પ્રતિષ્ઠિત થવાથી આ જગતના સઘળા વ્યવહારો ચાલે છે, વળી સત્ય જો શિષ્ટાચાર સહિત હોય તો તે અતિ ઉત્તમ છે. **(મહાભારત—વનપર્વ.)**

(૪) સત્ય એ નીતિ વર્તન, પ્રમાણિકપણું અને સ્વાતંત્ર્યનો સારભૂત છે. દુનિયામાં દરેક મનુષ્યને પ્રથમ સત્યની અવશ્ય જરૂર છે. **(સ્માઇલ્સ.)**

(૫) સર્વ વચનો નિયમથી બોલવા યોગ્ય છે કારણ કે તે વચનો વાણીથી ઉત્પન્ન થયેલાં છે તેથી તે વાણીને જે પુરૂષ ચોરે છે અર્થાત જુઠું બોલે છે તે બધીજ વસ્તુઓની ચોરી કરનારો છે, એમ સમજવું. **(મનુસ્મૃતિ.)**

(૬) જૂઠાણું નજીવું ને અણધારેલું હોય તોપણ તે પેટમાંથી નીકળતા ધુમાડાની કાળી મેંશ જેવું છે, માટે તેનો વિચાર કર્યા વગર આપણા હૃદયમાંથી અસત્યનો પાસ કાઢી નાંખવો એજ ઉત્તમ છે. **(રસ્કિન.)**

(૭) શાન્તિ રાખવી એ શ્રેષ્ઠ ધર્મ છે, ક્ષમા એજ શ્રેષ્ઠ બળ છે, આત્મજ્ઞાન એજ શ્રેષ્ઠ જ્ઞાન છે, અને સત્ય એજ શ્રેષ્ઠ વ્રત છે. **(વનપર્વ.)**

(૮) જેને સત્ય એજ વ્રત છે. ગરીબો ઉપર સદા દયા છે અને કામ તથા ક્રોધ વશ કરેલા છે તેણે ત્રણે લોકને જીત્યા છે, એમ સમજવું. **(મહા નિર્વાણ.)**

(૯) જેને જીંદગી સારી રીતે ગુજારવાની ઇચ્છા હોય તેણે સત્ય સંપાદન કરવું જોઇએ. **(પ્લેટો.)**

(૧૦) સત્ય તથા અસત્ય, ધર્મ તથા અધર્મ, પ્રકાશજ્ઞાન તથા અજ્ઞાન, સુખ તથા દુઃખ એ પ્રકારની જે વૃત્તિઓ લોકોમાં ઉત્પન્ન થાય છે, તેમાં જે સત્ય છે તેજ ધર્મ છે, જે ધર્મ છે તેજ પ્રકાશ છે, જે પ્રકાશ છે તેજ સુખ છે, અને જે અસત્ય છે તેજ અધર્મ છે. **(શાન્તિ પર્વ.)**

---

G. D. Shah.

# काव्यकुंज.

## ગુરૂ મહાત્મ્ય.

( શાસ્ત્રી. મગનલાલ ભાઇશંકર. સરસીઆ. )

### वसंततिलका.

" મારા સમાન જગમાં નથી કોઇ સૂર;
" મારા સમાન જગમાં નથી કોઇ વીર;
" મારા સમાન જગમાં નથી કોઇ યોગી,
" મારા સમાન જગમાં નથી કોઇ ભોગી. " ૧

### उपजाति.

મનુષ્ય આવા વમળે પડીને,
કરે છ મિથ્યા બહુ કલ્પનાને;
શું કલ્પનાઓ કદી હોય સાચી ?
જેથી શું પામે ફળ તેહ પાછ; ૨

### शार्दूल विक्रीडित.

બ્રહ્માણ્ડો સઘળાં ભમ્યો નર અલ્યા તોએ ન પામ્યો કદી:—
" આશાની અવધિ નથી જગતમાં તોએ મુકી દે ધરી;
" આશાનામ સરિતનું ઝરણુતો મોટું મને ભાસતું,
" માટે મૂકી તમામ મામ મનની **ચર્ણે ગુરૂને નમ.** " ૩
" પૂર્વે પુણ્ય કીધું હશે નર અલ્યા ! તેનાથી પામ્યોછ તું;
" આ જન્મે અવતાર માનવ તણે કાઠિન્ય જેમાં ઘણું,
" આવો લાભ ફરી તુંને નહિ મળે માટે અલ્યા ચેતને ! ?
**" મોટા જ્ઞાની ગુરૂકને ઝટ જઇ તેને અરે સેવને.** ૪
" સેવા સદ્ગુરૂની કર્યે નર અલ્યા તારૂં થશે શ્રેયને, "
" લાડી વાડી અનેક ગાડી ધરવા–થી શ્રેયતો ના થશે; "
" તે જો સ્પર્શ કરી તને શરણુમાં અંગી કરી રાખશે,
" તો આસક્તિ તજાવી આ ભવતણી **સીધે પથે વાળશે;** ૫

### अनुष्टुभ्.

" ગર્જનાઓ કરો મોટી વાંચો ભાષણ દીર્ઘને,
" તેમાં કાંઇ નથી શ્રેય **સદ્ગુરૂ શ્રેય માર્ગ** છે. ૬
" સદ્ગુરૂ સેવનાથી તો સાધુ સ્વર્ગ પથે વળ્યા;
" સદ્ગુરૂ સેવના ભાવે કર્યું જેવા દુઃખી થયા. ૭
**" બાહ્યમાં દુઃખને લેખ અન્તરમાં સુખમાનને;—**
**" વાસનાઓ મૂકી મિથ્યા ગુરૂથી આત્મ જાણને;** ૮

# શ્રીમતી સરસ્વતી.

## આવાહન અને પૂજન.

( લે. પાદરાકર )

૧ પરિમળ દિવ્ય અહો ક્યાંથી ?
ટહુકતા મોરલીઆ ક્યાંથી ?
વીણાના નાદ ભુલાવે ભાન ! પરિમળ૦

કોમળ પગલી કુમકુમ્ ધરતી—
સુંદરતા અવનીમાં ભરતી—
આંખલડીએ અમૃત ઝરતી—
કો દેવી આવે—!****એ.

૨ વીણા-પુસ્તક કર કમળે છે—
મોરલીઆની પીઠે—
અનૂપ સુવાસિત કમળ સુકોમળ—
(સદ્) ભાગ્ય અહો એ દીઠે ! પરિમળ૦

આંગણિએ ફુલડાં વરસાવ્યાં,
ઉચ્ચાસન દેવી પધરાવ્યાં,
ભક્તભાવથી પૂજન કીધાં,
નમી પડતા હૃદયે-!****એ

૩ દયાસુનીતિ ને શિલ મનોહર,
ધર્મ તત્વ અનેરા,
ઓળખ આત્માની કરનારાં,
જ્ઞાન ફુલડાં વેર્યાં ! ! ! પરિમળ૦

રસભર હૃદયે ફુલડાં સઘળાં,
જીવન કંડીએ હલવ્યાં વળતાં;
દિવ્ય પ્રભા એની અજવાળે,
ઠવી પડતાં હૃદયે ?****એ.

૪ વરદાયક કર ઉંચો કરતાં,
શિર ચરણે મ્હેં ધાર્યું;
ઉંચું નિહાળું નવ ત્યાં દેવિ ?

"પુસ્તક" માત્ર સુચારૂં !!! પરિગળ૦

* *

ફુલડે ફુલડે નાંમ લખેલાં,
દેવી શારદા વરદાયકનાં,
કાવ્ય લહરિઓ દિવ્ય પ્રચારે—
એ ફુલડાં સઘળાં !****એ,
અહો એ કુસુમો દેવી-પ્રભા શી પ્રકટાવતાં ?
હૃદયોદ્યાનમાં કેવો ! નાદ એ પ્રવરાવતાં ? !!

---

# मनने बोध.

( લેખક. શુક્ર. રાજકોટ.)

મનડા રે તું મુરખ બનમાં અફસોસે પડી રડ માં. મનડારે૦ ટેક.
તારૂં તે તો તને મળે છે, નશીબમાંતું તુંજ રળે છે;
ધરની આશા ધરમાં, મનડા રે તું મુરખ બન માં. મનડારે૦ ૧
ધન તન જોબન અથીરજ જાણી, કાયા માયા મારી પ્રમાણી;
મરણ વિનાનો મર માં. મનડારે૦ ૨
તારૂં મારૂં કેમ કરે છે, સેવાધર્મ કેમ વિસરે છે,
મમતે માને મર માં. મનડારે૦ ૩
આ જગત્માં નથી કોઇ તારૂં, ભગિની ભ્રાતા માતા વારૂ;
સંશયમાં તું સડ માં. મનડારે૦ ૪
ઉજ્જવળ મલીન સબળ નબળમાં, કળબળ છળબળ માં,
તું પડ માં; ઉંધે રસ્તે ચડ માં. મનડારે૦ ૫
પ્રભુભજનમાં પ્રીત લગાવી; ઉજ્જવળ કીરતિ તેની ગાવી;
પછી કદી તું ડરમાં. મનડારે૦ ૬

## શાંતિનાથને શરણે. તોટક વૃત્ત.

પ્રિય શાંતિ પ્રભુ ! પ્રિય શાંતિ પ્રભુ ! પ્રિય શાંતિ પ્રભુ તુજ જાપ જપું;
પ્રિય શાંતિ પ્રભુ નિત્ય શાંતિ કરો, બધી આપદ વ્યાધિ ઉપાધિ હરો. ૧
અમી છાંટી અનામયતા અરપો, જપી શું નિત આપતણા સુજપો;
અધિકારી નથી છઉપાપી અમે, તદપિ પિતુ માત પ્રભુજી તમે. ૨
વિસ્તાર કૃપાઇશ તારી અહા, સુમહોજ્જવળનાથ દયાનિધિ છો
મનમોહ દશા ન નડે અમને, પ્રભુએજ કૃપા કરી લો અમને. ૩

# માધ્યમિક કેળવણી.

( લેખક. માસ્તર ભોગીલાલ મગનલાલ. શાહ. ગોધાવી. )

માધ્યમિક કેળવણીની સંસ્થાઓ વ્યાવહારિક કેળવણીની સંસ્થાઓનું એક અતિ અગત્યનું અંગ છે. આ કેળવણીની શરૂઆત પ્રાથમિક કેળવણી પૂર્ણ થયા બાદ થાય છે. સામાન્ય રીતે પ્રાથમિક કેળવણીનાં ચાર ધોરણ પૂર્ણ થયા પછી આ કેળવણી માટે વિદ્યાર્થીને લાયક ગણવામાં આવે છે. પ્રાથમિક કેળવણીનાં ચાર ધોરણો અગર ચારથી સાત ધોરણો પૂર્ણ થયા બાદ અને ઉચ્ચ કેળવણીનાં ચારથી સાત સુધીનાં ધોરણોનો સમાવેશ માધ્યમિક કેળવણીમાં થઇ શકે છે. ઉચ્ચ કેળવણી લેનારનો ઘણો વર્ગ માધ્યમિક કેળવણી લેઇ કેળવણીની પરિસમાપ્તિ કરે છે. સામાન્ય રીતે જીવન વ્યવહારને ઉપયોગી થઈ પડે તેવા હુન્નર, ઉદ્યોગ અગર વ્યાપાર માટે આટલી કેળવણી પુરતી ગણવામાં આવે છે. શરૂઆતની કેળવણીના જ્ઞાનની અપૂર્ણતા દૂર કરી પાઠશાળાઓ–'કોલેજો' માં અપાતી ઉચ્ચતર કેળવણી લેવાને માટે વિદ્યાર્થીઓને લાયક બનાવવા જેવું ઉપયોગી કાર્ય તેઓ બજાવે છે. વ્યાવહારિક વ્યાપાર ઉદ્યોગોમાંજ નહિ પરંતુ હલકા દરજ્જાની નોકરીઓમાં પણ માધ્યમિક કેળવણીની ઉપાધી ધરાવનાર વિદ્યાર્થીની લાયકાત સામાન્યરીતે ગણાતી હોવાથી ઉચ્ચ કેળવણી આપનારી પ્રચલિત સંસ્થાઓ વિષે કાંઈક વિચાર કરવો એ અતિ આવશ્યક છે.

માધ્યમિક કેળવણીની સંસ્થાઓ "હાઇસ્કૂલ અગર મીડલ સ્કૂલ"ના નામથી ઓળખાય છે; ઘણી ખરી માધ્યમિક શાળાઓ આઝૂંલ ગુજરાતી શાળાઓ તરીકે પણ ઓળખાય છે; કારણ કે તેમાં અંગ્રેજી ભાષા ઉપરાંત ગુજરાતી વિષયો શીખવાય છે. માધ્યમિક કેળવણીનાં બધાં ધોરણો શીખવતી શાળાઓ જેઓ ' હાઇ સ્કૂલ ' ના નામે ઓળખાય છે તેવી સંસ્થાઓ ઘણે ભાગે મોટાં શેહેરોમાં અગર કેળવણીમાં આગળ પડતી ઉચ્ચ કોમની ઘણી વસતી હોય એવા ગામો અગર કસ્બાના ગામોમાં અસ્તિત્વ ધરાવે છે. મોટાં શહેરોમાં સાધનોની અનુકુળતાથી અને ઉચ્ચ કોમની ઘાડી વસ્તીને લીધે આ સંસ્થાઓ આબાદ હોય એમ દૃષ્ટિએ પડે છે. તેઓમાંની કેટલીક સરકારની મદદ વિના પણ સારી સ્થિતિમાં હોય એમ દૃષ્ટિગોચર થાય છે. એથી ઉલટું કસ્બાના ગામોની કેટલીક સંસ્થાઓ સરકારની મદદ છતાં પણ નાણાંની તંગીમાં હોય એમ દૃષ્ટિએ પડે છે. તેઓમાંનો કેટલીએક અવનતિમાં છે. ચાલુ જમાનાની પ્રગતિ છતાં પણ તેઓ કેળવણીની ઉચ્ચતા efficiency માટે યોજના કરી શકતી નથી, એટલુંજ નહિ પણ ઘણીખરી સંસ્થાઓમાં માધ્યમિક ત્રણ કે ચાર ધોરણો સુધીનોજ અભ્યાસ કરાવાય છે. પાંચ ધોરણો શીખવતી શાળાઓ કસ્બાનાં મોટાં ગામોમાંજ દૃષ્ટિએ પડે છે. આ સ્થળે ત્રણ ધોરણનો અપૂર્ણ અભ્યાસ કરાવતી સંસ્થાઓ વિષે કાંઇ ઉલ્લેખ કરવો તે નિરર્થક છે. તેઓમાંની જે સંસ્થાઓ સાધ્યને લક્ષમાં રાખી દરેક વિષય પરત્વે યોગ્ય વજન આપી ધોરણો તૈયાર કરે છે તેમને બાદ કરતાં બાકીની સંસ્થાઓ માત્ર ઇંગ્રેજી ભાષાનું અલ્પ શબ્દ જ્ઞાન આપવા પુરતી ગરજ સારે છે એમ કહીશું તો તે અયુક્ત નહિ ગણાય ! પ્રસિદ્ધ વિદ્વાન 'ડીચ' કહે છે કે "આપણે એ સામાન્ય સિદ્ધાંત લક્ષમાં રાખવો જોઇએ કે દરેક શાળાએ અમુક જુદી જુદી બાબતનું શિક્ષણ

ડ્રાઇંગ જેવા વ્હવહારૂ ઉદ્યોગનું શિક્ષણ કે જેથી વિદ્યાર્થી કાંઇ વ્યવહારૂ કાર્ય કરતાં શીખી શકે ! અમુક વાસ્તવિક બાબતોનું શિક્ષણ, કે જેથી વિદ્યાર્થી કાંઇ વ્યવહારૂ કાર્ય કરતાં શીખી શકે ! અમુક વાસ્તવિક બાબતોનું શિક્ષણ, કે જેથી વિદ્યાર્થી તેની આસપાસની ચીજો વિષે અને કુદરતના પદાર્થો વિષે જાણી શકે ! બુદ્ધિ અગર બીજી માનસિક શક્તિઓ ખીલે તેવી કેળવણી કે જેથી તે વિચાર કરવાને, અવલોકન કરવાને અગર તર્ક કરવાને દોરાય; અને નૈતિક કેળવણી કે જેથી તે સહૃદય થાય અને સત્ય ઉદ્દેશથી અને કર્તવ્યની લાગણીથી પ્રેરાય ! " માધ્યમિક શાળાના અભ્યાસક્રમમાં વાસ્તવે વિદ્યાર્થીની માતૃભાષા ઉપરાંત એ ભાષાના મૂળતત્ત્વોનો સમાવેશ થવો જોઇએ. તર્ક–ગણિતના વિષયમાં વિદ્યાર્થીને અક્ષર-ગણિત અને ભૂમિતિ સુધી દોરી શકાય ! વિજ્ઞાનના વિષયમાં રસાયન, પદાર્થવિજ્ઞાન કે ખગોળ જેવા ઓછામાં ઓછા એકાદ વિષયનો સમાવેશ કરી શકાય ! મનુષ્યજાતને ઉપયોગી વિષયોમાં સાહિત્યના કેટલાક ઉત્તમ ફકરાઓનો તથા વિચારોના વિકાસના અને બનાવોના સંબંધના ઇતિહાસના જ્ઞાનનો સમાવેશ કરી શકાય ! "

માધ્યમિક કેળવણીની આવશ્યકતા વિષે આપણે વિચારીશું તો જણાશે કે સામાન્ય રીતે ઉચ્ચ કેળવણી વિના મનુષ્યની જડતા, પશુ પણું દૂર થતું નથી. સામાન્ય રીતે જોતાં ઉચ્ચ કેળવણીથી જેટલી ચંચળતા, અને બુદ્ધિની સૂક્ષ્મતા થાય છે, તેટલી માત્ર પ્રાથમિક કેળવણીથી થતી નથી એ નિર્વિવાદ છે. ચિત્તની એકાગ્રતા, સ્થીરતા, શાન્તિ બુદ્ધિથી સૂક્ષ્મતા તથા જ્ઞાનથી ઉપલબ્ધ થતું બળ, હિમ્મત અને સાહસિકતા એ ઉચ્ચ કેળવણીનાં પરિણામો છે. શરૂઆતની કેળવણીથી માનસિક શક્તિઓનો પૂર્ણ વિકાસ થતો નથી. બુદ્ધિની જડતા, મંદતા અને તેના પરિણામરૂપે શારીરિક જડતા પણ પુરતી રીતે ખસતાં નથી. ઉચ્ચ કેળવણીના દીર્ઘ સંસ્કારો મન પર પડવાની ખાસ જરૂર છે કે જેથી માનસિક શક્તિઓનો—સારી રીતે વિકાસ થઇ શકે ! આમ હોવા છતાં પણ અદ્યાપિ પર્યંત અંગ્રેજી ગુજરાતી અગર ઉચ્ચ કેળવણીની યોગ્ય કદર, સુધારામાં આગળ પડતી અને ઉચ્ચ કોમની વસતી સિવાયના ગામોમાં કે કસ્બાના ગામોમાં યોગ્ય રીતે થઇ શકતી નથી. આંગ્રેજી ગુજરાતી કેળવણી માટે લોકોનો અભિપ્રાય સારો ન હતો. એ ઉક્ત સંસ્થાઓના નિયામકોને અનુભવસિદ્ધ છે. તેઓને સંયોગોના પ્રમાણમાં ન્યૂનાધિક અંશે લોકોની પ્રબળ સંરક્ષક વૃત્તિ, સંકુચિત દૃષ્ટિ અને વહેમોની સામે કામ લેવાનું હોવાથી, ઉક્ત સંસ્થાઓના વિકાસનો માર્ગ સંકુચિત હતો. પ્રસ્તુત સંસ્થાઓ કે જેનો ઉદય તેમની લોક પ્રિયતા પર આધાર રાખતો હોય અને તેજ સંસ્થાઓ જ્યારે લોકોને અરૂચિકર હોય વા તેમના પ્રતિ લોકોનું દુર્લક્ષ હોય તો તેમની આબાદીનો સંભવ ક્યાંથી હોઇ શકે ! પરંતુ સુભાગ્યે દિન પ્રતિદિન કેળવણી અને સુધારાની પ્રગતિના આ જમાનામાં લોકોના પૂર્વોક્ત સંરક્ષક અને સંકુચિત વિચારોમાં રૂપાંતર થતું જાય છે; અને માધ્યમિક કેળવણીની ઉપયોગીતા અને યોગ્યતાની કદર ગુજવામાં આવે છે. પ્રસ્તુત કેળવણી લોકપ્રિય ન થઇ પડવાનાં ઘણાં કારણો છે તેમાંનું મુખ્ય અને પ્રબળ કારણ એ છે કે આંગ્રેજી ગુજરાતી ત્રણ અગર ચાર ધોરણો સુધીનું શિક્ષણ આપવા માટેજ ઘણીખરી સંસ્થાઓનો ઉદ્દેશ હોય છે. આવી ત્રણ કે ચાર ધોરણો સુધીના અભ્યાસની સગવડ વાળી શાળાઓમાંની કેટલીક ઇંગ્રેજી ભાષાના અલ્પ શબ્દનું શિક્ષણ આપવા

ઉપરાંત વિશેષ કાર્યસાધક નીવડી નથી; કારણકે જ્યાં તેઓ અસ્તિત્વ ધરાવતી હોય છે તેવાં સ્થળોમાં વિદ્યાર્થીને ઉપયોગી થઇ પડે તેવી ઉચ્ચ કેળવણી આપનારી સંસ્થાઓ ન હોવાથી તેમને સંનિધમાં આવેલાં શહેરો કે જ્યાં ઉચ્ચ કેળવણી આપનારી સંસ્થાઓ હયાતિ ધરાવતી હોય તેનો આશ્રય લેવો પડે છે; અગર તો સાધનોના અભાવે માત્ર ત્રણ કે ચાર ધોરણ જેટલી અપૂર્ણ કેળવણી લેઇ વિરમવું પડે છે. સાધનસંપન્ન વિદ્યાર્થી સિવાયના બાણાખરાઓ તો આ પ્રમાણે અપૂર્ણ જ્ઞાનથીજ ધંધાની ગરેડમાં પડે છે. ત્રણ ધોરણની અપૂર્ણ કેળવણીથી આઝૅલ ભાષાનું માત્ર ઉપર ચોટીયું, નજીવું શબ્દ જ્ઞાન મળે છે કે જે જ્ઞાન, મનુષ્ય વ્યવહારની ગરેડમાં પડતાં વિસ્મરણ થઇ જાય છે. આ અપૂર્ણ કેળવણીથી માત્ર આટલોજ ગેરલાભ થાય છે એટલુંજ નહિ પણ શરૂઆતની કેળવણીની સંસ્થાઓનાં ઉંચાં ધોરણોમાં શીખવાતા વ્યવહારોપયોગી વિષયોના શિક્ષણની અને માતૃભાષાના શિક્ષણની અનુકુળ સંધિનો લાભ પણ વિદ્યાર્થી ગુમાવે છે. આથી વિદ્યાર્થી ઉભય રીતે ભ્રષ્ટ થાય છે. જો આઝૅલ ગુજરાતી શાળા તેના નામને સાર્થક કરે તેવી હોય અને નહિ કે અન્ય વિષયના ભોગે આઝૅલ ભાષાના માત્ર શબ્દ જ્ઞાન પરજ લક્ષ આપતી હોય તો કાંઇ ભયનું કારણ રહેતું નથી. જો આઝૅલ ગુજરાતી શાળા તેના અભ્યાસ ક્રમના દરેક વિષય પરત્વે તેની યોગ્યતા અને ઉપયોગિતાના પ્રમાણમાં માનસિક શક્તિઓ એક સરખી રીતે ખીલી શકે તેવી રીતે સામાન્ય કેળવણી આપતી હોય તો તે તેના નાના અગર વિસ્તાર વાળા સ્વરૂપમાં સંપુર્ણતાની કક્ષામાં છે એમ આપણે ધારી શકીએ અને સંતોષ પ્રાપ્ત કરી શકીએ પરંતુ જો આઝૅલ ગુજરાતી શાળાઓમાં આઝૅલ ભાષાનેજ અતિ અગત્ય આપવામાં આવતું હોય, અને અન્ય વિષયોની સામાન્ય રીતે ઉપેક્ષા કરવામાં આવતી હોય, વિદ્યાર્થીઓને વ્યવહારોપયોગી થઇ શકે તેવા અને તેમની માનસિક શક્તિઓનો સમાન રીતે વિકાસ થઇ શકે તેમ અન્ય વિષયોનું શિક્ષણ અપાતું ન હોય તો તેઓ વાસ્તવે વિદ્યાર્થીને આશ્રય ભૂત થઇ પડતી નથી. આઝૅલ ગુજરાતી શાળાઓ લોક પ્રિય ન થઇ પડવાનાં કારણોમાં આ મુખ્ય કારણ છે. કરબાની કેટલીક આઝૅલ ગુજરાતી શાળાઓના વિદ્યાર્થીઓ, શરૂઆતની કેળવણીનાં સાત ધોરણો પૂર્ણ કર્યા બાદ આઝૅલ ગુજરાતી કેળવણી લેવા જોડાયલા હોય એમ દૃષ્ટિએ પડે છે. આજકાલ ગુજરાતી પહેલા ત્રણ ધોરણોના અભ્યાસ ક્રમમાં આઝૅલ ભાષાના તફાવત સિવાય ભાગ્યેજ વિશેષ તફાવત હોય છે; છતાં આઝૅલ ગુજરાતી શાળાઓ શરૂઆતની કેળવણીની શાળાઓના ઉંચાં દોરણના અભ્યાસની ગરજ સારતી હોય એમ ગણવામાં આવતું નથી; એટલુંજ નહિ પણ કોઇ કોઇ પ્રસંગે આઝૅલ ગુજરાતી ત્રણ ચાર ધોરણોનો અભ્યાસ કર્યા હોય તેવા વિદ્યાર્થીને પુનઃ શરૂઆતની કેળવણીનાં ઉંચા ધોરણોના અભ્યાસમાં જોડવામાં આવે છે. આથી એમ સહજ અનુમાન થઇ શકે કે આઝૅલ ગુજરાતી શાળાઓમાં શીખવતા આઝૅલ ભાષા સિવાયના અન્ય વિષયના શિક્ષણની ઉચ્ચતા efficiency વિષે લોકોનાં મન સંદિગ્ધ હશે આથી એ આવશ્યક છે કે જે અંશે કેળવણી અપાય તેવા અંશે પૂર્ણ અને યોગ્ય efficient હોવી જોઇએ. શરૂઆતની કેળવણીનાં ઉંચાં ધોરણોના અભ્યાસક્રમની માફક વ્યવહારોપયોગી એકાદ વિષય તેના અભ્યાસક્રમમાં દાખલ કરવો જોઇએ. આ સ્થળે જણાવવું જોઇએ કે 'પ્રાર્થના સમાજ ઈન્સ્ટીટ્યુટ' ના

કાર્ય વાહકોએ આવીજ દીર્ઘ દૃષ્ટિથી દેશીનામું વગેરે વિષયો તે સંસ્થાના ધોરણોમાં દાખલ કર્યા હતા. અદ્યાપિ પર્યંત ગુજરાતી ભાષાના વિષયમાં નિબંધ અગર ગદ્ય લેખનને સ્થાન મળેલું ન હતું. આથી વિદ્યાર્થીને શુદ્ધ લેખનનો, યોગ્ય વાક્ય રચનાનો અને વિચાર સંકલનાનો મહાવરો પડતો ન હતો. વિચારો દર્શાવવામાં તે સરળતા અને છટા પ્રાપ્ત કરી શકતો ન હતો. આ પ્રમાણે ભાષાના શિક્ષણના એક અતિ અગત્યના અંગ પ્રતિ દુર્લક્ષ્ય થતું પરંતુ સુભાગ્યે સુધારેલા નવા અભ્યાસક્રમમાં ઉક્ત વિષય દાખલ થવાથી તે ભય નષ્ટ થયો છે. ભૂગોળ આદિ વિષયોનું શિક્ષણ જમાનાની પ્રગતિના પ્રમાણમાં શાસ્ત્રીય અને પદ્ધતિસરનું થવાનું વલણ પકડે છે પરંતુ આ સર્વેની ફતેહનો આધાર શિક્ષક અને તેની યોગ્યતાને અવલંબીને રહેલો છે. પદાર્થ પાઠના શિક્ષણે હજુ આઝૂંલ ગુજરાતી શાળામાં પ્રવેશ કર્યો નથી છતાં નવા અભ્યાસ ક્રમમાં આ વિષય વિષે પણ રૂપરેખા દોરેલી હોવાથી તેના શિક્ષણ માટે ભવિષ્યમાં યત્ન થશે એમ આશા રહે છે.

પ્રસ્તુત સંસ્થાઓની સ્થિતિ વિષે વિચારતાં એ સ્પષ્ટ ભાસે છે કે દરેક સંસ્થા પૃથક પૃથક અસ્તિત્વ ધરાવે છે. આ સંસ્થાઓ પરસ્પર કોઇ પણ પ્રકારનો સંબંધ ધરાવતી ન હોવાથી એટલે કે તેઓમાંની દરેકની વ્યવસ્થા અને બંધારણ જુદાં હોવાથી તેઓ પરસ્પરને આશ્રય ભૂત થઇ પડતી નથી. દરેક સંસ્થા સ્થાનિક ખાનગી અગર મ્યુનીસીપાલ સભાની દેખરેખ નીચે હોવાથી દરેકનો કાર્યભાર પરસ્પરથી અલગ રહે છે. આથી શિક્ષકોની તંગીના પ્રસંગે એક શાળાને બીજી શાળા તરફથી કાંઇપણ આશ્રય મળતો નથી, એટલુંજ નહિ પણ દરેકશાળાને તેનો નિર્વાહ કરવામાં ઘણું ખર્ચ લાગે છે.

શિક્ષકોની લાયકાતના પ્રમાણમાં પગારનું ધોરણ ઉંચું રાખવું પડે છે અને તેમ છતાં પણ સ્થાયી શિક્ષકો ઉપલબ્ધ થતા નથી. દરેક સંસ્થામાં નિયમિત અને અમુક સંખ્યામાંજ શિક્ષકોનો નિભાવ થતો હોવાથી, પગારના વધારાના સંયોગો સંકુચિત હોવાને લીધે લાયકાત વાળા મહેનતુ અને પ્રામાણિક શિક્ષકો એક સંસ્થામાં બહુ મુદત ટકી રહેતા નથી. આથી આ સંસ્થાઓની આબાદીનો માર્ગ સંકુચિત થઇ રહે છે. કસ્બાનાં મોટાં ગામોની સ્કૂલોના કાર્ય વાહકોને પણ શિક્ષકોની તંગીની અગવડો એટલી વેઠવી પડે છે કે તેઓને શિક્ષકોનું મન સાચવી લેવું પડે છે. આવી સંસ્થામાંના શિક્ષકોને ' ટયુશન ' ખાનગી ભણાવવા સિવાય બીજી કોઇ આવક ન મળવાથી તેમનો અસંતોષ વાસ્તવિક રીતે દૂર થતો નથી, આ બધી સંસ્થાઓ ખાતાના કારભાર અને અમલ નીચે હોય વા પરસ્પર ઐકયથી જોડાયેલી હોય તો દરેકને તેની યોગ્યતાના પ્રમાણમાં સારો લાભ થાય ! એક સંસ્થાનો શિક્ષક બીજી સંસ્થામાં શિક્ષક તરીકે જોડાઇ શકે અને તેની અગવડ દૂર થઇ શકે. શિક્ષકને પણ આ ફેરફારથી નવા સંયોગોનો અનુભવ થાય અને પગારના વધારાથી સંતોષ થાય ! નાની સંસ્થાના શિક્ષકને પણ ભવિષ્યમાં અનુભવ થતાં મોટી સંસ્થામાં પ્રવેશ કરવાનો પ્રસંગ આવે અને દ્રવ્યાદિકનો લાભ પ્રાપ્ત કરી શકે ! આ ઉપરાંત દરેક સંસ્થાને અનુભવી શિક્ષકો મળી શકે. નાની સંસ્થાથી શરૂ કરીને મોટી સંસ્થા સુધી દરેકને તેની જરૂરીઆતના પ્રમાણમાં થોડા ખર્ચે સારા શિક્ષકો મળી શકે ! પરંતુ આવા કોઇ પણ પ્રકારના બંધારણના અભાવે કસ્બાના ગામની શાળાને પંદરથી વીશના પગારમાં જેટલી લાયકાત વાળો શિક્ષક મળે છે

તેટલીજ લાયકાત વાળા શિક્ષકને નાના ગામોની સંસ્થાને પચ્ચીશનો પગાર આપવો પડે છે એમ છતાં પણ તે સ્થાયી ટકી રહેતો નથી પરંતુ જો આ સંસ્થાઓ વચ્ચે ઐક્ય હોય અને તેઓ પરસ્પર સહાય કરતી હોય તો નાની સંસ્થાને શિક્ષકની તંગીથી શોષવું પડે નહિ. નાની સંસ્થામાં અનુભવ લઇ તૈયાર થયેલા શિક્ષકને મોટી સંસ્થા ગ્રહણ કરે અને એમ તે ઉત્તરોત્તર આગળ વધી શકે.' નાની સંસ્થાની પાસે પણ " પ્રોમોશ'ન ' પગારના વધારાના સંયોગો મર્યાદિત હોવાથી, નોકરીમાં આગળ વધતા શિક્ષકને સંતોષવાની ખાતર પોતાની શક્તિના પ્રમાણથી આગળ વધવું પડે નહિ અને તેના ગજાના પ્રમાણમાં તેને અલ્પ ખર્ચમાં નવા માણસો મળી શકે ! આ ઉપરાંત આવા કોઇપણ પ્રકારના બંધારણની હયાતિથી શિક્ષકોની જવાબદારી વધે; કારણ કે તેઓ એક સંસ્થાને જોખમમાં નાંખી પોતાના ક્ષુદ્ર સ્વાર્થની ખાતર એકાએક બીજે જઇ શકે નહિ. તેઓ સ્વતંત્ર, સ્વેચ્છાચારી પણ થઇ શકે નહિ. શિક્ષકોની તંગીને લીધે અને ઐક્યના કોઇપણ પ્રકારના બંધારણની હયાતિના અભાવે આર્ઇલ ગુજરાતી શાળાના વ્યવસ્થાપકોને સંયોગોને અનુસરવું પડે છે તેમ ન રહે; કારણ કે જો એકાદ શિક્ષક ના લાયક હોય તો તેને ખસેડી શકે અને અન્ય અનુભવી શિક્ષકને બીજી સંસ્થામાંથી ગ્રહણ કરી શકે ! આથી તેઓ શિક્ષકો પર સારો અંકુશ ધરાવી શકે અને તેમની પાસેથી કામ લેઇ શકે ! એકાદ શિક્ષકની તંગી પડતાં શિક્ષકના અભાવે આખી સંસ્થા જોખમમાં આવી પડે છે તેવી સ્થિતિ ન થાય ! આથી એ આવશ્યક છે કે આવી દરેક સંસ્થાની વચ્ચે ઐક્ય હોવું જોઇએ, અગર તેઓનો કાર્ય ભાર એક ' સેન્ટ્રલ કેન્દ્રાપગામી સર્વોપરી સંસ્થાની દેખરેખ અગર અમળ નીચે હોવો જોઇએ પરંતુ આમ થવાને બદલે જ્યાં સુધી આ સંસ્થાઓ પૃથક પૃથક હયાતિ ધરાવશે, અને તેઓની વચ્ચે પરસ્પર સહાય કરવાનો સંબંધ નહિ હોય ત્યાંસુધી દરેક શાળાને ઘણા ખર્ચે અને મુશ્કિલતે નિભાવવું પડે એ નિર્વિવાદ છે. શિક્ષકોની તંગીથી નુકશાન વેઠવું પડે, શિક્ષકોની સ્વતંત્રતા રહે અને તેઓની જવાબદારીના પ્રમાણમાં તેમની પાસે કામલેતાં સંકોચ રાખવો પડે એ સ્પષ્ટ છે. શિક્ષકો પણ સ્થાયી ન રહી શકે અને શાળાના બંધારણને અડચણ પડે ! આ સર્વે મુશ્કેલીઓ દૂર કરવા માટે સરળ ઉપાય એ છે કે પ્રસ્તુત સંસ્થાઓ વચ્ચે પરસ્પર સંબંધ હોવો જોઇએ. દરેક નિરાળું અસ્તિત્વ ધરાવતી હોવી ન જોઇએ, આમ થાય તો એક સંસ્થાના શિક્ષકને અન્ય સંસ્થાના શિક્ષકની સાથે સંબંધ રહે અને ઉભય પરસ્પરની સાથે પોતાના અનુભવની આપલે કરે પ્રાથમિક શાળાના શિક્ષકો જેમ ક્વચિત્ એકત્ર થાય છે અને પરસ્પર અનુભવની આપલે કરે છે તે પ્રમાણે આ સંસ્થાના શિક્ષકો તેમની વચ્ચે સંબંધ થવાથી તેમની ફરજ વિષે અને તે અદાકરવાની અનેક રીતિ અને પદ્ધતિ વિષે વિચાર કરવાને પ્રેરાય ! ( અપૂર્ણ. )

# मोक्षनो घोरीमार्ग.

( લેખક. લાલભાઈ મગનલાલ. શાહ. )

( અનુસંધાન અંક દશમાના પાને ૩૧૮ થી )

એ રીતે બ્રહ્મચર્યનો પ્રભાવ અચિન્ત્ય છે. તેના મહીમાને નહી જાણનારા અંતે અધોગતીમાં જવાને પ્રીતીવાળા જીવોજ બ્રહ્મચર્યથી વિમુખ થાય છે. તીર્થંકર ભગવંતો ભાખી ગયા છે કે એકજ વખત મૈથુન સંજ્ઞામાં આરૂઢ થયેલો મનુષ્ય નવ લાખ સુક્ષ્મ જીવોને હણે છે તો પછી કીંપાક શદશ અતી દારૂણ વિષય સુખોમાં કયો મોક્ષાભિલાષી આશક્ત થાય ? કામારૂઢ પુરૂષો જગતમાં વિવેક વીકળ બની વારંવાર વગોવાય છે, લુબ્ધ લંપટ અને નાદાનની પંક્તીમાં ગણાયછે કહ્યું છે કેઃ—

દત્તસ્તેન જગત્ય કીર્તી પટહો ગોત્રેમષી કુર્ચક,
ચારીત્રસ્ય જલાંજલિ ગુણ ગણા રામસ્ય દાવાનલ;
સંકેતઃ સકલાપદાં શિવપુર દ્વારે કપાટો દઢઃ
શીલંયને નિજં વિલુપ્ત મખિલં ત્રૈલોક્ય ચિંતામણી;

જે પ્રાણીઓએ ત્રણ ભુવનને વિષે ચિંતામણી શદશ પોતાના શીલનો લોપ કર્યો છે તેમણે જગતને વિષે અપકીર્તિ પટહ વગાડયો છે, ગોત્રને વિષે મસીનો કુચો લગાવ્યો છે. ચારીત્રને જલાંજલી દીધી છે, ગુણ સમુહરૂપ આરામને વિષે દાવાનળ લગાવ્યો છે, સર્વે આપત્તિની સાથે સંકેત કર્યો છે, અને મોક્ષના દ્વારને વાસી દીધાં છે. વિષય લુબ્ધ થઇ પર સ્ત્રીમાં આશક્ત થનાર પુરૂષો પોતાના આત્માને ધુળ મેળવે છે. સ્વજનને ખાર દે છે અને પગલે પગલે માથા ઢાંકણું કરે છે. તેઓએ સમજવું જોઇએ કે—

વરંજ્વલ દયસ્તંભઃ પરિરંભો વિધિયતે ।
નપુનર્નરક દ્વાર રામા જઘન સેવનમ્ ॥

તપાવેલા લોઢાના થાંભલાને આલીંગન કરવું સારૂં છે પરંતુ નરકના દ્વારરૂપ સ્ત્રીના જઘનનું સેવન કરવું સારૂં નથી કારણ કે,

સ્તનૌમાંસગ્રંથી કનક કલશા વિત્યુ પમિતૌ ।
મુખં શ્લેસ્માગારં તદપિચ શશાંકને તુલિતમ ॥
સ્વન્મૂત્ર કિલજ્જં કરિવર શિરઃ સ્પર્ધિજઘનં,
મુહુર્નિંદ્ય રૂપં કવિજન વિશેષે ગુરૂ કૃત્તમ.

સ્તનો માંસની ગાંઠ છે છતાં તેને સુવર્ણના કળશની ઉપમા આપે છે. મુખ શ્લેસ્મનું સ્થાન છે તેને ચંદ્રમાની સાથે સરખાવે છે અને સ્રવતાં મુત્રથી વ્યાપ્ત એવા જઘનને હાથીના ગંડસ્થળની સાથે સરખાવે છે, એ પ્રમાણે વારંવાર નીંદવા લાયક સ્ત્રીના સ્વરૂપને કવિઓએજ વિશેષ મહત્વતા આપી છે. વળી કહ્યું છે કે,

દર્શનેન હરતે ચિત્તં, સ્પર્શને હરતે બલં;
સંગમે હરતે વીર્યં, નારી પ્રત્યક્ષ રાક્ષસી.

જેના દર્શન માત્રથી ચિત્તનું હરણ થાય છે, સ્પર્શ કરવાથી બળનો ક્ષય થાય છે અને સંગમથી વીર્યનો નાશ થાય છે એવી પ્રત્યક્ષ રાક્ષસી સમાન. એક દંડતી વિષની

વેલ જેવી, સર્પ વ્યાઘ્ર અને ચોરાદિકથી પણ અધિક નુકશાન કરનાર, સાક્ષાત્ દ્રષ્ટિવિષ સર્પના જેવી, આત્મ ધનને લુટી લેનાર અને સંયમ પ્રાણને હરનારી એવી સ્ત્રીઓથી ભવભીરૂ પુરૂષોએ સદા દુરજ રહેવું ઘટે છે. કેવળ નર્કનાજ સ્થાનભુત, ચામડાથી વીંટેલા હાડ પીંજર વાળા અને દુર્ગંધી એવા શ્લેષ્માદિકથી ભરેલા કામીનીના મુખને વિષે તેમજ માંસ ના લોચા જેવાં સ્તન યુગલો અને વિષ્ટાદિથી ભરેલાં કૃમાકુલ સ્ત્રીના ઊદરમાં કામાંધ માણસો કામડાની પેરે ક્રીડા કરે છે. ગોરી ચામડીથી વીંટેલું અને વસ્ત્રાભુષણથી ભુષિત કરેલું સ્ત્રીનું રૂપ જોઇને હે ભદ્ર ! તું વિવેકથી વીચાર કર પણ તેમાં પતંગની પેરે તું એકા એક ઝંપલાઇ પડીશ નહીં: નહીંતો છેવટે પ્રશ્ચાતાપ કરીશ. સ્વભાવીક રીતેજ અધીક અશુચીથી ભરેલાં અને અનેક દ્વારથી અશુચીને વહન કરતાં છતાં ચામડાથી મઢેલા સ્ત્રીના દેહનું અંતર સ્વરૂપ વીચારીને તું વિવેકથી તેનો પરિહાર કર. એક વિદ્વાન કહે છે,

> या चिंतयामि सततं मयी सा विरक्ता ।
> साप्यन्य मिच्छंती जनं सजनो ऽन्य सक्तः ॥
> अस्म त्कृतेच परितुष्यति काचि दन्या ।
> धिक् तांच तंच मदनं चइमां चमाच ॥

જે સ્ત્રીનું હું ચીંતવન કરૂં છું તે મારાથી વીમુખ રહે છે અને તે અન્ય પુરૂષને ઇચ્છે છે. તે પુરૂષ બીજી સ્ત્રીમાં આશક્ત થયેલો છે, અને તે બીજી કોઇ સ્ત્રી મને ચાહે છે માટે તેને ધિક્કાર છે, તેના યારને ધિક્કાર છે, મદનને ધિક્કાર છે અને મને પણ ધિક્કાર છે માટે વિષય એવા કામ બાણથી પીડીત થઇ નિર્મળ શીળ રત્નને ગુમાવી જે ધર્મરૂપ ચીંતામણીને તજી દે છે તે હત ભાગ્ય અનેક જન્મ મરણ સંબંધી દુઃખને સાધી દુર્ગતીમાં જાય છે. વળી આ વિષયો લાંબા વખત રહીને પણ છેટે જનારા છે એતો નક્કી છે તોપછી તેના વીયોગમાં ફેર શો છે કે જેથી માણસો પોતાની મેળે વિષયો છોડતા નથી. કેમકે જો એ વિષયો પોતાની મેળે આપણાથી છુટા પડે છે તો મનને અતી પરીતાપ ઊત્પન્ન કરે છે પણ જો આપણે પોતેજ ખુસીથી તેનો ત્યાગ કરીએ છીએ તો તે મોક્ષ સુખ આપે છે. માટે હે ભદ્ર જો તું સંસાર પરીભ્રમણથી કંટાળ્યો હોય અને મોક્ષે જવાની ઇચ્છા હોય તો બીજા અનેક છીંડીના માર્ગો છોડી રાજ માર્ગ તુલ્ય બ્રહ્મચર્ય વ્રતનુંજ યથા વિધી સેવન કર. ચોરાસી હઝાર મુનીને દાન દેવાથી જે પુણ્ય થાય છે તેટલુંજ પુણ્ય ત્રીકરણ શુદ્ધિએ બ્રહ્મચર્ય પાલનાર વિજ્યા શેઠ અને વિજ્યા શેઠાણીને જમાડવાથી જીનદાસ શેઠે ઉપાર્જન કર્યું હતું. આવો અપૂર્વ મહીમા બ્રહ્મચર્યનો બતાવેલો છે. બ્રહ્મચારી પુરૂષોને વચન સિદ્ધિ હોય છે. ધારે તે કરી શકે છે. પોતાની અગાધ શકતીથી ઉપદેશ દઇ હઝારો મનુષ્યોને મુક્તિની સન્મુખ કરે છે અને શ્રોતાના હૃદય ઉપર સચોટ અસર કરી પથ્થરને પણ પીંગાલી શકે છે. તેમના તેજમાં લોકો અંજાઇ જાય છે અને સૂર અસૂરાદિથી પૂજાઇ ભુમંડલમાં સુર્ય સમાન પ્રકાશી ઊઠે છે, જ્યારે બ્રહ્મચર્યથી ભ્રષ્ટ થનારા અને વિષય વિલાસી જીવો આ દુનીયામાં અનેક પ્રકારના વધ, બંધન, નાસીકા છેદન, દરીદ્રતા, ઇંદ્રીય છેદ, નપુંસક પણ, કદરૂપ પણું, ભગંદર, ચાંદી, પરમીઆ વીગેરે રોગોની ઊત્પત્તિ એવા અનેક દુઃખોના ભોગ થઇ પડે છે અને પરભવમાં નરક ગતીના અસહ્ય દુઃખો સહન કરે છે. અન્ય દર્શનીઓમાં પણ કહ્યું છે કે એક રાત્રી બ્રહ્મચર્યના સેવનથી જે પુન્ય થાય છે

તે હજારો યત્નથી પણ નથી થતું. પાંચ મહાવ્રત ધારી સાધુ પુરૂષો પણ જો બ્રહ્મચર્યથી ભ્રષ્ટ થાય છે તો પાંચે મહાવ્રતોથી ભ્રષ્ટ થનારા જ્ઞાનીઓએ કહ્યા છે. જેમ સમુદ્રમાં બધી નદીઓ સમાય છે તેમ એક બ્રહ્મચર્ય મહાવ્રતમાં બધાં વ્રતો સમાયાં છે તેથી જ ઇંદ્ર પણ સભામાં બેસે છે ત્યારે પ્રથમ બ્રહ્મચારીનેજ નમસ્કાર કરે છે. અનેક વ્રતોનુ સેવન કરે પણ બ્રહ્મચર્યથી રહીત કદી પણ મોક્ષ પામતો નથી, અનાદીકાળથી અનંતા જીવો સિદ્ધિપદને પામ્યા અને આગામી કાળમાં પામશે તે સઘળામાં અને તીર્થંકરોમાં પણ બ્રહ્મચર્યનીજ મુખ્યતા હતી માટે નિર્વિવાદપણે અને વારંવાર કહેવું પડે છે કે બ્રહ્મચર્ય એજ મોક્ષ મેળવવાનો ધોરી રાજ માર્ગ છે માટે શાશ્વતાં મોક્ષનાં સુખ પામવા દરેક જીવે શ્રી બ્રહ્મચર્ય મહાવ્રતનું યથા વીધી સેવન કરવું એજ હીતકર છે એટલુંજ કહી નીચેના શ્લોકમાં શ્રી સ્થુળીભદ્ર મુનીશ્વરને નમસ્કાર કરી આ લેખ સમાપ્ત કરૂં છું—

ગિરૌ ગુહાયાં વિજને વનાન્તરે,
વાસં શ્રયંતો વશિનઃ સહસ્રશઃ ।
દુર્ધ્યેતી રમ્યે યુવતી જનાંતિકે,
વશીસ એકઃ શકડાલ નંદનઃ ॥

પર્વતમાં, ગુફામાં, એકાંતમાં અને વનની અંદર નિવાસ કરીને ઇંદ્રીઓને વશ રાખનારા હજારો છે પણ અતી રમ્ય હવેલીમાંઅને સ્ત્રી જનની સમીપમાં રહીને ઇંદ્રીઓને વશ રાખનાર તો તે શકડાલનંદન શ્રી સ્થુલીભદ્ર મહાત્માજ છે અને તેમને હું ત્રીકરણ શુદ્ધિ એ નમસ્કાર કરૂં છું. ઇતી. શાંતી. શાંતી. શાંતી.

---

# समरादित्यना रास उपरथी.

( લેખક. મુનિમાણેક. કલકતા. )

( અનુસંધાન અંક ૧૦ માના પાને ૩૧૧ થી. )

ભૂલ કરી સુધારવા, ઉદ્યમ મનમાં થાય.
પણ કર્મો વીપરિત થતાં, કારજ બીગડી જાય,

પારણાનો સમય વીતી ગયા પછી રાજાના શરીરે શાતા થઇ ગઈ ત્યારે તેને સાંભળી આવ્યું કે આજે તપસ્વીનો પારણાનો દિવસ છે અને તેને મેં આમંત્રણ આપેલું છે તો તે આવ્યા છે કે નહિ? અને આવ્યા હોય તો તેમને આમંત્રણ પ્રમાણે ભોજન વિગેરેની યોગ્ય સવડ થઇ છે કે નહિ વિગેરે તપાસ કરવા માણસોને ફરમાવ્યું. જ્યારે રાજાએ માણસોને તપસ્વીનો અધિકાર પૂછ્યો ત્યારે તે સઘળા આશ્ચર્ય પામી ગયા કારણકે તે સઘળા, રાજાએ તપસ્વીને આમંત્રણ આપેલું જાણતા નહોતા તેમ તે મહાન્ તપસ્વીનો પ્રભાવ તથા તપશ્ચર્યા કેટલી ઉત્તમ છે તે પણ તેઓ જાણતા નહોતા અને રાજાને શરીરે વ્યાધાની પણ ગરબડ હતી તે સઘળાં કારણે આવેલા તપસ્વીને તેઓએ આહાર આપવાનું તો દૂર રહો પણ આદર પણ આપ્યો નહોતો તે વાત જ્યારે રાજાને કહી ત્યારે રાજાના મનમાં ઘણો

ગયો હતો અને હવે તેણે બીજે જવાનું માંડી વાળી પારણું કર્યા વિનાજ બીજા માસના ઉપવાસ કરી લીધા હશે. આવેલા અતીથિને આદર આપવો એ સજ્જનતાનું લક્ષણ છે પણ આમંત્રણથી બોલાવેલા ને તો વિશેષ પ્રકારે ભક્તિ કરી સંતોષવો જોઇએ, તેમાં પણ સંસારથી વિરક્ત અને મહાન્ તપસ્વીને આમંત્રણ આપેલાને કેવી રીતે આદર આપવો જોઈએ તે તો આમંત્રણ કરનાર કે વિદ્વાન્ માણસજ જાણી શકે છે પણ અજાણ્યા અને કમ બુદ્ધિના રાજ્યના નોકરો તે કેવી રીતે તેનું મહત્વ સાચવીશકે? માન આપવાનું કે આદર આપવાનું તો દૂર રહો પણ સામાન્ય ભીક્ષુક માફક પણ જો તેને ખાવાનું આપ્યું હોત અથવા જમવા બેસાડયો હોત અને દૂધ પાકાદિ શ્રેષ્ટ ભોજનને બદલે સાદું ભોજન બાજરી જુવારનો રોટલો પણ આપ્યો હોત તો ઘણું સારૂં થાત કારણકે એક એક માસના નિરંતર ઉપવાસ કરનાર ને મારા પ્રમાદથી એક માસના ઉપવાસના પારણાને દીવસે જો પારણુ નહિ થયું તો સામટા બે માસના ઉપવાસ થશે તો તેમને શરીરે અત્યંત અશકતતા થશે તો ભવિષ્યમાં તેમની પ્રતિજ્ઞાનો નિર્વાહ થતાં મુશ્કેલ થશે, વળી ક્ષુધાવેદની સહન ન થતાં અને પ્રતિજ્ઞા તોડી ન શકાયાથી તેમના મનમાં ખેદ થશે અને ક્રોધ ઉત્પન્ન થશે તો તેમની સમાધિમાં ભંગ થશે તે સઘળાનો દોષિત હુંજ થઇશ. મારા જેવો જગત્માં દુર્ભાગી કોઇ નથી કે જેણે અનાથ એવા દીજપુત્રની દયા લાવવાને બદલે તેના ઉપર અતિનિંદનીય બાળ ચેષ્ટા ચલાવીને અપમાન કરાવી, માર મરાવી, બુરા હાલે વનવાસ કરાવ્યો અને એકાંતમાં ઘોર તપશ્ચર્યા કરનારા, પરમેશ્વરની ભક્તિ કરનારા અને આત્મ રમણતામાં લીન થએલા વૈરાગ્ય દશાએ રંગિત થએલાની સમાધિ તોડાવી પ્રતિજ્ઞા ભંગ થવાના કારણરૂપ થયો છું. એ મહાન્ પાપથી મારી ભવિષ્યમાં દુર્ગતિ થવાની છે તે તો દૂર રહો પણ અહીંઆં પણ એ તપસ્વીની સમાધિ નષ્ટ થતાં ક્રોધ ઉત્પન્ન થતાં આ અપરાધની સાથે મારો પૂર્વેનો અપરાધ પણ યાદ આવતાં તેની શિક્ષા થવા માટે મને શ્રાપ આપશે તો આ ભવમાં પણ અત્યંત દુઃખ પામીશ અથવા તેના પ્રગટ થએલા ક્રોધાગ્નિથી ત્યાં રહે રહે પણ થોડીવાર સુધી રાહ જોઇ તેજસુલેશ્યા મૂકી મને બાળી નાંખશે. રાજાનું અંતઃકરણ ઘણું કોમલ હતું. શત્રુ પ્રાયે જો કે તે સૂર્ય માફક અતિ નિષ્ઠુર પ્રતાપનાં કીરણો ફેંકતો હતો પણ પૂજ્ય પુરૂષો ઉપર તેની અત્યંત ભક્તિ હતી. તેમ સુબુદ્ધિવડે પોતાની ભૂલને સારી રીતે જોઇ શકતો હતો. ગરીબોના, અપંગોના, અનાથોના દુઃખોથી તેનું અંતઃકરણ વારંવાર પીગળી જતું હતું. કોઇપણ માણસ સૃષ્ટિમાં ભૂખ્યો ન સુએ તેને માટે તેણે પુરતી તજવીજ રાખી હતી. તેવો કૃપાનિધાન મહીપાળ મહાન્ તપસ્વીને ભૂખ્યા રહેવાદે એ બનવુંજ અશક્ય હતું પણ પોતાના પ્રમાદથી અને પછી શરીરમાં શૂળની અશાતાથી પારણાનો દિવસ વીતી જવા આવ્યો હતો અને તેના શરીરે જ્યારે શાતા થઇ અને ભાન ઠેકાણે આવ્યું અને વિચાર કરવાનો વખત મળ્યો ત્યારે પાછલો પહોર વીતી જવા આવ્યો હતો તેવા વખતે જવાથી કાંઇ ફાયદો થાય તેવું નહોતું કારણકે જતાં રાત્રિ પડી જાય અથવા જોરથી રથ ચલાવી જાય તો તપસ્વીને પાછા આવતાં રાત્રિ પડી જાય અને તેવા તપસ્વીઓને રાત્રિએ ભોજન કરવાનું કે બહાર જવાનું અનુચિત હતું તેથી રાજાએ તે દિવસે અતિ ઉત્કટ છતાં પણ પ્રતિકુળ કારણોથી બીજે દિવસે પ્રાતઃકાળે તપસ્વી પાસે જવાનું નક્કી કર્યું હતું.

ઉત્તમ પુરૂષોને પણ જ્યાં સુધી કેવળજ્ઞાન પ્રાપ્ત ન થયું હોય ત્યાં સુધી શ્રુત કેવળી

એટલે સિદ્ધાંતના પાર પામેલા આચાર્ય ભગવંતોને સઘળું જ્ઞાન હોય છતાં પણ પ્રમાદને વશ થાય ત્યારે તેમની પણ ભૂલ થઇ જાય તો પછી સામાન્ય જ્ઞાનવાળાની ભૂલ થાય તેમાં શું નવાઇ છે ! પણ મુખ્યતો એ જોવાનું છે કે જ્યાં સુધી તે ભૂલનું સમાધાન ન થાય અને તે ભૂલથી જેનું નુકશાન થયું હોય તેની સમાધિ ન કરાવાય ત્યાં સુધી ભૂલ કરનારને નિદ્રા પણ આવતી નથી અને પથારીમાં તરફડીયાં મારવાં પડે છે તે પ્રમાણે એ ગુણજ્ઞ રાજાએ આખી રાત્રી જેમ તેમ કાઢી. સવારમાં તપસ્વીઓના સ્થાનમાં આવી તપસ્વીઓના દર્શનનો લાભ લીધો અને તાપસોનાનાયકના ચરણમાં મસ્તક નમાવી વારંવાર પોતાનો અપરાધ યાદ કરી ક્ષમા માગતો હતો અને મુકતા હારના ઉજ્વળ મુકતા ફળ સદશ આંસુ તેની આંખમાંથી તપસ્વીના નાયકના ચરણ ઉપર ટપકતાં હતાં. શિષ્યના કહેવાથી જો કે ગુરૂજી જાણતા હતા તોપણ રાજા આટલો બધો પશ્ચાત્તાપ શા માટે કરેછે તેનું ગુઢ રહસ્ય જાણવા માટે તેને ધૈર્ય આપી હકીકત પૂછવા માંડી ત્યારે રાજાએ છાતી કઠોર કરી રોવું બંધ કરી પોતાના મંદવાડનો અને પ્રમાદનો અધિકાર કહી બતાવ્યો અને તેની સાથે પોતાના પ્રમાદથી મહાન્ તપસ્વીને થએલું અસમાધિનું પણ કારણ કહી બતાવ્યું પણ જ્યારે તપસ્વીના એ માસના ઉપવાસનું વર્ણન કહેવા માંડયું ત્યારે તેની છાતી ભરાઇ આવી અને મહા મહેનતે સઘળી હકીકત પૂરી કરી. રાજાના પૂર્ણ પશ્ચાત્તાપથી તથા તેની આંખમાં આંસુના અતિ દયાજનક દેખાવથી ગુરૂનું હૃદય પણ પીગળી ગયું અને રાજાને દિલાસો આપવા છાતી કઠણ કરી કહ્યું કે હે ઉપેન્દ્ર ! શોચ ન કર. પ્રમાદ છદમસ્તને લાગેલોજ છે અને મંદવાડમાં થએલી ભૂલ ગણતરીમાં લેવાતી નથી માટે તેમાં તારો દોષ નથી પણ તારા લીધે તે તપસ્વીને એવડી તપશ્ચર્યાનો મોટો લાભ થયો છે. તેમ તેની સમાધિમાં કે પ્રતિજ્ઞાને કશો પણ બાધ લાગવાનો નથી. શુદ્ધ અને સરળ હૃદયથી તપસ્વીઓના નાયકે રાજાને દિલાસો આપ્યો હતો. તથા શિષ્યના કરેલા રાજા સંબંધી અપરાધની ક્ષમા શિષ્ય તરફથી ગુરૂએ રાજાને આપ્યા છતાં ભૂપાળનું મન સંતોષ પામતું નહોતું ઉલટું તપસ્વીના ઉત્તમ લક્ષણથી અને પોતાના પ્રમાદી વર્તનથી વધારે વધારે ખેદ રાજાને થતો હતો જ્યારે કોઇપણ રીતે રાજા માનતો નથી તેમ તેની ઉદાસી દૂર થતી નથી અને પોતાના ચરણમાંથી મસ્તક ઉઠાવતો નથી ત્યારે તાપસ નાયકે રાજાને પૂછયું કે તારૂં મન કેવી રીતે સંતોષી થાય તે કહે ત્યારે રાજાએ પોતાનો ભાવ પ્રકટ કર્યો કે તે તપસ્વી મહારા હાથથી જ્યારે પારણું કરશે ત્યારે મને સંતોષ થશે. ત્યારે ગુરૂએ તે રાજાનો પૂર્ણ ભાવ અને અત્યંત પશ્ચાતાપ જોયો ત્યારે તે સંબંધમાં તપસ્વીને શિષ્યની સલાહ લેવા માટે બોલાવ્યો. બાળકોએ માતા પિતાની, પત્નીએ પતિની, અને વિદ્યાર્થીએ અધ્યાપકોની તથા પ્રજાએ રાજાની, આજ્ઞા-શરીરના છત્ર માફક સ્વીકારી લેવી જોઇએ ત્યારે આવો મહાન્ તપસ્વી શા માટે ગુરૂના વચનને ઉલંઘે !

શિષ્ય અને ગુરૂ બંને પોતપોતાનું મહત્વ જાણી લેવાને યોગ્ય હોવાથી રાજાને સંતોષ કરવા સુશિષ્યે તે સમયે તે વાત અંગીકાર કરી અને રાજાને બંને એ વિચારીને કહ્યું કે હે મહા ભાગ ! તું ખેદનકર, તારા ઉપર કિંચિત્ પણ ક્રોધ કે દ્વેષ નથી પણ તારી ભકિત તથા વિનયથી સંતોષ પામી તને સંતોષ થશે તેવી રીતે પારણું આવતી વખતે ત્યારે ત્યાં થશે આ પ્રમાણે ગુરૂશિષ્યે તેને સંતોષથી જ્યારે રાજાનું આમંત્રણ તપસ્વીના પારણા માટે

સ્વીકાર્યું ત્યારે તેને કાંઇક શાંતિ થઇ અને મસ્તક ઉંચુ કરી બંને ગુરૂ શિષ્ય તરફ વિનયથી અંજલિમસ્તકે લગાવી કહેવા લાગ્યો કે મારો ઉદ્ધાર કરવો તમારા હાથમાંજ છે એમ કહી ફરી નમસ્કાર કરી રાજા પોતાના સ્થાનકે આવ્યો. રાજા જોકે ઘેરે આવ્યો હતો તોપણ પૂર્વની માફક તપસ્વી સાથે થએલી વાત તથા તે તપસ્વીને આપેલું આમંત્રણ પ્રમાદથી પરિવારને કોઇને પણ કહ્યું નહીં તેથી ફકત ગુરૂશિષ્ય અને રાજા સિવાય તે કોઇ જાણતુંજ નહોતું તેથી રાજાના માણસોને પણ તે વાત બીલકુલ જાણવાનો પ્રસંગ મળ્યો નહિં.

---

# दयानुंदान के देवकुमार.

( લેખક. પુંડરીકશર્મા, સાણંદ )

( અનુસંધાન અંક દશમાના પાને. ૪૧૩ )

## પ્રકરણ ૯ મું.

---

જ્યાં દુષ્ટ વૃત્તિ તૃપ્ત કરવા કર્મ કાંડ રચાય છે;
ત્યાં કોણ આ છે ? કોણ હું ? એ શિષ્ટતા ભૂલાય છે.

શું પ્રભુત સિંહનું રાજ્યતંત્ર આવુંજ હશે. જ્યાં જોઇએ ત્યાં આવાજ બનાવો નજરે દેખાય ! આ શું ? અત્યારે પોલીસના આવા ચોકી પહેરા વચ્ચેથી ગુપ્ત રીતે પસાર થનાર આ કયો યુવાન નર છે. શું તેને ખબર નથી કે આ કુમારશ્રી દેવકુમારનું આલય છે ? ખરેખર એમ છે. જો એમ ન હોય તો તે આટલી બધી જબરી હિમત ધરેજ નહિ ? વાહ ! જુઓ આ એણે ઘો* નો ઘા કર્યો. કેવી સપાટાબંધ ઘો ચોંટી ગઇ. જુઓ તે સડસડાટ ઉપર ચઢી ગયો. શું આ સુબરને કોઇની દહેશત નથી. કેવો પાપી ! પાછો બારીમાં પેઠો ! મહાલયમાં કોણ છે ? મહાલયમાં એક જયમાલા ને તેની દાસી બેજ છે. દાસી ઘસઘસાટ ઉંઘે છે. જયમાલા લમણે હાથ દઇ શું વિચારે છે ? કેમ તેનો વેણી છુટો છે ? કેમ પોપચાં ફુલી ગયાં છે ? અરે ! તેને વસ્ત્રનું પણ ક્યાં ભાન છે ? શું આટલા બધા દહાડા દેવકુમારનો શોક હોય ? વળી ક્યાં એણે આ દુનીઆનો સદૈવને માટે ત્યાગ કર્યોછે. પાંચ પન્દરે પણ તે આ સિન્દુરા નગરમાંજ આવશે.

" પધારો પ્રાણનાથ પધારો " આમ બોલતાં વેંત જયમાલા આવેલ પુરૂષને વળગી પડી.

" શાબાશ. શાબાશ. આહા, કેવો અનહદ પ્રેમ છે. રાત્રી ભર મારૂંજ સ્મરણ કરતી લાગે છે. " આવેલ માણસે વિચાર્યું. બિરાજો ? બિરાજો ! હું આપના પાદપૂજન કરૂં." જયમાલાએ કહ્યું.

---

* પહેલાંના વખતમાં ચોર લોકો ચંદન ઘો રાખતા. તેની પૂછડીએ દોરી બાંધી ઘા

" ધીરે. "

" પોઢો પોઢો ! "

" અત્યારે આમ એશઆરામ કરવાનો સમય નથી. સવાર સુધી જો આંહિ રહીશ તો પૂરે પૂરી મુશ્કેલી. માટે વધારે સુખ કરતો એજ છે કે આને આંહિથી ઉપાડી ચાલતાં થવું. પણ એ શી રીતે બને ? ઘો બન્ને જણનો ભાર ઝીલશે ? કદાચ પડીએ તો શી દશા ! પણ ઘોનું શું કામ છે. દોરીને આબારી સાથે બાંધીશું એટલે બસ. હાં, હાં, યાદ આવ્યું. આ બાજોઠ કેવો સુન્દર છે. તેનેજ ઉતાર્યો હોય તો બહુ સુગમતા પડે. એથી જયમાલા એ ભાન અવસ્થામાંથી જાગૃતાવસ્થામાં આવશે પણ નહિ ને આપણું કાર્યસધાશે–ચાલ એમજ કરૂં. જોતજોતામાં યુક્તિપૂર્વક બાજોઠ નીચે ઉતાર્યો. દાસી તો પડી પડી ઘોર્યા સિવાય બીજું કંઇ કામકાજ નહોતી કરતી. વાહ, કેવી સહાઇથી બાજોઠ નીચે ઉતાર્યો. વળી નીચે કોણ ઉભું છે ! એ પણ કોઇ પુરૂષવેશમાં સુન્દરાંગનાજ લાગે છે. જુઓ, એ ચોર પણ નીચેજ ઉતર્યો. બિચારી જયમાલા તો પતિવ્રતમાં તલ્લીન છે. તેને નથી મહેલની ખબર કે નથી બાજોઠની ખબર.

" ચાલો કામ ફતેહ !" પુરૂષે કહ્યું.

" વાર છે હજી ફતેહને ! સ્ત્રીએ ઉત્તર આપ્યો.

" અરે હવે શી વાર છે. બોલ કયાં લઇ જશું ?" પુરૂષે પૂછ્યું,

" મને લાગે છે મારે ત્યાં હમણાં રખાય તો ઠીક. " સ્ત્રીએ કહ્યું.

" ગાંડી છે ! તારૂં ને મારૂં કયાં જુદું છે. બંગલે રહેજે ને કહેજે કે મને આપની દાસી તરીકે રાખી છે. " પુરૂષે કહ્યું.

" વારૂ હું દાસી ! શાબાશ, પોતાનાજ પગપર કુહાડી કે ?" સ્ત્રીએ ઉદ્ગાર કહાડયા.

" એમ કાંઇ દાસી કહે દાસી નહિ થવાય. લે ત્યારે કહે તારા સિવાય એની પાસે રહેવાને કોણ લાયક છે ? પુરૂષે પ્રશંસા કરી.

" ત્યારે શું મારે એની પાસે રહી એની સેવા ઉઠાવવી ? " સ્ત્રીએ પુછ્યું.

" પણ તે કયાં સદૈવને માટે છે. "

" અરે; પણ આખા જન્મારાનું મેણું રહેને ?"

" વાહ ગાંડી વાહ, તું બહુ આગળ પાછળનો વિચાર કરે છે. "

" એ તો ઠીક પણ એને રાખવી શી રીતે. બધાય દહાડા કંઇ ગુપ્ત રખાશે ને કદાચ જો દેવકુમાર આવશે ને તપાસ કરશે તો પછી આપણી શી દશા ?" સ્ત્રીએ પુછ્યું.

" મારો તો એવો વિચાર છે કે આ રાજ્ય છોડી આપણે ત્રણે જણાં કોઇ પરરાજ્યમાં જતાં રહીએ. ભગવાન કૃપાએ આપણી પાસે દ્રવ્ય પુષ્કળ છે, ત્યાં જયમાલા પણ ઠેકાણે આવશે. " પુરૂષે કહ્યું.

" શી રીતે. "

" હોદ્દાનું રાજીનામું આપું. "

" પણ આમ એકા એક રાજીનામું આપવાથી રાજાને આપના તરફશકજશે. "

" એવું નજ બને કારણકે રાજા જાણે છે કે જયમાલા કદાચ ન હોય તો તેના પતિ

" હા હવે આપણો બહુ સમય ગયો. આપણે કયે રસ્તે જઇશું. પહેરીગર તો નહિ મળે ને ? " સ્ત્રીએ પુછ્યું.

" રસ્તો બહુજ ગુપ્ત છે. મારા સિવાય એક પણ પહેરીગર ત્યાં ભાગ્યેજ રહે છે. આપણે આટલે સુધી ફતેહ પામતાં આવ્યાં છીએ તો આગળ પણ ફતેહજ સમજવી. " પુરૂષે વિજયનું ભવિષ્ય કહ્યું.

" જુઓ પણ હવે કંઇ ચેતન થઇ. ચાલો ઉપાડો જલદી આખો બાનોડજ પાલખીમાં મુકો. " સ્ત્રીએ કહ્યું.

બન્ને જણે પાલખી ઉપાડી ને પુરજોશમાં ચાલ્યાં. માર્ગ બહુ ગુપ્ત છે એટલુંજ નહિ પણ એ ગુપ્ત માર્ગપર આ પુરૂષનીજ સત્તા છે.

" જુઓ જુઓ પેલું સામે કોણ ચાલ્યું આવે છે !" સ્ત્રીએ પૂછ્યું.

" મારા સિવાય આ કાળી રાત્રીએ ગુપ્ત રાજ માર્ગપર ચાલનાર કોણ ? "

" કોઇ રાજવંશી લાગે છે. "

" છે તો રાજવંશી પણ કોણ હશે !"

" મયલસિંહ તો નહિ કે ?"

" ખરેખર એવુંજ લાગે છે. ફીકર નહિ લાવ કયાં છે મારી તરવાર કાંતો એ નહિ ને કાં તો હું નહિ ?"

" કયાં છે તરવાર ! અત્યારે તરવાર કેવી !"

" કોણ એ વગર પુછ્યે રાજમાર્ગપર ચાલનાર ?" પુરૂષે પુછ્યું.

" એ તો હું સૈનાધિપતિ મયલસિંહ. " પ્રતિઉત્તર મળ્યો. એટલામાં તો મયલસિંહ નજીક આવી પહોંચ્યો ને બોલ્યો " કોણ ગજરજી ! આ પાછળ સ્ત્રી જેવું કોણ છે ? આ શું ?" એમ કહી પડદો ઉલાડ્યો.

" રે, રે ગજરજી ! આ કોણ જયમાલા તમારી પાસે કયાંથી ?" મયલે પ્રશ્ન પુછ્યો.

" ગડબડ નહિ. કોઇ કાફિર લઇ જતા હતા તે છોડાવી છે. જાણો છો ને આ ગુપ્ત રાજમાર્ગપર મ્હારો પહેરો છે. " ગજરજીએ ખુલાસો કર્યો.

" કયાં લઇ જાઓ છો !"

" હાલ તુરત તો મારે ત્યાં પરંતુ સહવારે રાજ્ય દરબારમાં જાહેર કરશું. " ગજરજીએ કહ્યું.

" કોણ ? આ લટકુડી જેવું કોણ લાગે છે ?"

" જીહા હું તેજ. " લટકુડીએ ઉત્તર આપ્યો.

" ઓહ તું અહિં કયાંથી ?"

" તે પણ હોય સંસાર વ્યવહાર છે ને ?" ગજરજીએ કહ્યું.

" ગજરજી ! ત્યારે તમોને જયમાલા હાથ નથી લાગી પરન્તુ તમેજ આણી છે. નહિ તો લટકુડી તમારી પાસે કયાંથી હોય ? " મયલસિંહે પ્રશ્ન કર્યો.

" નહિ, નહિ સાહેબ, આપના અનુમાનમાં ભુલ થાય છે. હજી લઈ જનાર હરામખોરોને તો પકડવા છે. જયમાલાને મુકી હું આપની પાસેજ આવવાનો હતો. " ગજ-

ગજરજી ! એમ હાથથી જાઓ માં ? મારો આવાસ આંહિ નજીક છે માટે ત્યાંજ જયમાલાને મૂકો. પછી તમારી મરજી હોય તો ચોરો–હરામખોરોને પકડવા જાઓ." મયલે કહ્યું.

" એમ કેમ ?"

" કારણ કે અત્યારે જયમાલાની રાજ્યદરબારમાં બહુ કિંમત નથી." સેનાપતિ એ ખુલાસો કર્યો.

" કિંમત નથી તેથી કંઇ કુમારની સ્ત્રી મટીજશે ? "

" હા તેવુંજ છે. હવે કુમાર ક્યાં એનું મોઢું જોવાનો છે ? "

" ત્યારે કોણ જોશે ? ".

" કોઇ મારા તારા જેવો ? "

" વાહ, તમેય મારા જેવાજ વિચારના લાગે છો. "

" માટેજ તમો બન્ને જયમાલાને ઉપાડી લાવ્યા છો કેમ ? "

" હાજી, પણ વાત ગુપ્ત રાખશો સાહેબ ! "

" જો મારે ઘેર જયમાલા પહોંચશે તો વાત ગુપ્ત રહેશે, નહિતો સવારમાં તમારા બેની પૂરેપૂરી ફજેતી. હું કોણ ? સેનાપતિ ! જાણોછો કે દેહાંત દંડની શિક્ષા પણ મારાજ હાથમાં છે. " સેનાપતિએ કહ્યું.

" એમ કે ? "

" હાજી. રાજ્યમાં કોણ રાજા છે તેની તમોને નહિ ખબર હોય કેમ ? "

" કોણ રાજા છે ? ".

" આ તમારી પાસે ઉભો છે તે. પ્રભૃતસિંહ તેજ હું એમ સમજો." મયલે કહ્યું.

" સમજાયું ! પણ આથી આપ શું કહેવા માગો છો. " ગજરજીએ પૂછયું.

" હજી મારૂં કહેવું તમે સમજ્યા નથી ? "

" નાજી. "

" ખરેખર તમે કોટવાલના હોદ્દા માટે ના લાયક છો. "

" મારૂં કરો, ને સમજાવો. "

" જે ઇચ્છાએ જયમાલાને તમે ઉપાડી લાવ્યા છો તેજ ઇચ્છા મારી છે એમ સમજો."

" એતો મારી પ્રથમની કબુલાત છે. "

" ત્યારે આ ફરીવાર પણ યાદ રાખજો કે જો વાત ફૂટશે તો સિંદુરાની સીમ ભારે થઇ પડશે ને જો નહિ ફૂટે તો સેનાપતિની પદવીની કવચિત આશા રખાશે. " મયલે ડર ને આશા ઉભયનું સાથે દાન કર્યું.

હવે ગજરજીને, જયમાલા મયલસિંહને ત્યાં મૂકયા સિવાય છુટકો નહોતો કારણ કે તે બે રીતે ગુન્હેગાર હતો. એકતો તેણે લટકુડી સાથે રહી શિષ્ટતાનો ત્યાગ કર્યો હતો, ને બીજું જયમાલાને દૂષ્ટ વાચ્છનાની તૃપ્તિ અર્થે ઉતરી–પકડી–હતી. આથી હાલ તુરતને માટે સેનાપતિને વશ રહેવું તેજ એણે યોગ્ય ધાર્યું. અગર જો સેનાપતિ કેવી અશુભ વૃત્તિનો છે તે વાચક જાણે છે છતાં અત્યાર સુધી ગજરજીમાં તો તેના વિષે બહુ પવિત્રતાનો મત હતો.

# स्वश्लाघा.

## SELF PRAISE.

( લેખક. શંકરલાલ ડાહ્યાભાઇ કાપડીઆ. )

પર પરિણતિસેં નામ ધરતહેં ફરત ફરત દોષ રંગી.
દોય રંગી એક રંગી હોવે તબ હોવત નીજ સંગી. ચેતન૦
( શ્રીમદ્ બુદ્ધિસાગરજી )

આપણે ઐહિક ચૈતન્ય સૃષ્ટિ સંબંધી વિચાર કરીશું તો આપણને દરેક દરેક સંસારી જીવો આત્મિક spiritual અને પુદ્ગલિક Material શક્તિથી અભિન્ન જણાશે. હવે આ બે શક્તિઓનો ઉપરના લેખની સાથે શો સબંધ છે, તે કેવા લક્ષણને ભજે છે, તે દરેકમાં કેવું સામર્થ્ય અંતર્ભાવે છે, કઇ ત્યાજ્ય છે અને કઇ (શક્તિ) આદરણીય છે વિગેરેનું ટુંકાણમાં સ્પષ્ટીકરણ કરવાની અગત્યતા હોવાથી પ્રથમ હું તે બાબત પરત્વે વાંચકવૃંદનું લક્ષ્ય ખેંચું છું.

**આત્મા** કહો કે ચૈતન્ય કહો, તે જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્યના ગુણે કરી વિશિષ્ટ છે. **પુદ્ગલ** વર્ણ, ગંધ રસ, અને સ્પર્શ ગુણેકરી સહિત છે. આત્મા અદ્રશ્ય imvisible છે ત્યારે **પુદ્ગલ** દ્રશ્ય Visible છે. આત્માના ગુણોથી ઉત્પન્ન થતું સુખ શાશ્વતુ overlasting અર્થાત્ અવ્યાબાધ છે અને જેમ જેમ તે ગુણો ખીલે છે તેમ તેમ જ્ઞાનનો સ્વયં પ્રકાશ વધતો ને વધતો જાય છે ત્યારે **પુદ્ગલથી** ઉપજતું સુખ-ક્ષણિક momentary છે અને તે સુખોની પરિસમાપ્તિમાં પણ અંતે નિરાશા ઉદ્ભવે છે. **પુદ્ગલનો** પુષ્ટ કરવાનો, પડન, સડન, વિધ્વંસ સ્વભાવ છે ત્યારે **આત્માના** ગુણો ચિરસ્થાયી અને વૃદ્ધિને ભજનારા છે. **આત્મા** જ્ઞાન, દર્શન, ચારિત્ર અને વીર્યના પર્યાય યુકત છે **પુદ્ગલ** પરમાણુરૂપ છે. આ દુનિયામાં જે કંઇ આપણે દ્રશ્ય રૂપમાં અનુભવીએ છીએ તે સઘળું પુદ્ગલને આભારી છે. આવી રીતે ચૈતન્ય શક્તિ અને પુદ્ગલિક શક્તિના ભિન્ન ભિન્ન ગુણો છે. જેવી રીતે સુવર્ણ અને કીટ મૂળ સ્થિતિમાં સાથે ઉદ્ભવેલાં હોય છે, તેમનો જેમ અનાદિકાળનો સંબંધ યોજાયલો છે તેવીજ રીતે દરેક સંસારી જીવોના આત્મા અને પ્રકૃતિનો પણ અનાદિકાળનો સંબંધ છે. જેમ કીમીઆગરો કીટમાંથી સુવર્ણ રજને ભિન્ન કરે છે તેમજ મહાત્માઓ-યોગીઓ-મુમુક્ષુઓ-જ્ઞાનેશ્વરીઓ આ પ્રકૃતિના સ્વરૂપને આત્માથી ભિન્ન કરે છે. આ સંબંધમાં મર્હુમ સાક્ષર કવિ ડાહ્યાભાઇ વોલસાજી કહે છે કે;—

કોઇ સંત વીરલે જાણીઉં ભાઈ એ વાતો છે ઝીણીઉં.
પાણીમાંતો દુધ ભેલાણું, પામી જાશે હંસીઉં. કોઇ.
મોટા કુહાડા કાંઈ ન કાપે, લોઢું કાપે છીણીઉં. કોઈ.
વેળુમાંતો ખાંડ વેરાણી, વીણી કાઢે કીડીઉં કોઈ.
જ્ઞાની ઝવેરે ગોથાં ખાતાં, શુદ્ધે શિવપદ સાધીયું—કોઇ.

આ મુજબ પ્રકૃતિના વિલક્ષણ સ્વરૂપને આત્માર્થીઓ-સંતો-મહંતો આત્મ સ્વરૂપથી નિરાળું કરે છે કારણ કે આત્મિક ગુણો સદા આદરણીય છે અને પુદ્ગલિક સદા ત્યાજ્ય છે. પુદ્ગલ, માયા, પ્રકૃતિ એ સઘળા સમાન અર્થવાચક પર્યાયો છે. વાસ્તવિક રીતે આપણો

તાથી કેવળ અસાધ્ય છે. આ પ્રમાદ અને પાપની દુનિયામાં તે કેવળ શુદ્ધ નિશ્ચયથી નિષ્પાપ અને નિર્મળ છે. વાસ્તવિક રીતે નિષ્પાપપણું–સત્યસ્વરૂપ આત્માનો ધર્મ છે પરંતુ તે નિષ્પાપપણાના ધર્મને છીપમાં રૂપાની ભ્રાંતિની પેઠે અને રજ્જુમાં સર્પની પેઠે ભ્રમથી આપણે વ્યવહાર-દશામાં આપણા શરીરમાં લગાડીએ છીએ. શરૂઆતમાં હું આટલું પ્રાસ્તાવિક કહી હવે મારા લેખના મૂળ ઉદ્દેશ પરત્વે વાચકવૃંદનું લક્ષ ખેંચુછું. હલકામાં હલકા પ્રાણીથી માંડીને ઠેઠ ઇંદ્ર સુધી સૌને ખુશામત પ્રીય હોય છે. સ્વપ્રશંસા વ્હાલી લાગે છે. દરેક દરેક જણ ખુશામતના દાસ છે. દરેક જણને પોતાની પ્રશંસા કરાવવાની ઇચ્છા હોય છે. દરેક જણને વાહ વાહ કહેવડાવવાની અને શાબાશી મેળવવાની અભિલાષા હોય છે. દરેક જણ પોતાના સંબંધમાં ઉંચો મત ધરાવવામાં ઇચ્છા રાખે છે. તાપમાં તપેલા આદમીને જેમ છાયા શીતળતા આપે છે તેમજ ફાવે તેવા દુઃખમાં પણ મનુષ્ય જો પોતાનાં વખાણ થતાં સાંભળે છે તો તેને પણ ઘડીભર આનંદ થયા સિવાય રહેતો નથી. જો કોઇ મનુષ્ય કંઇ કામ કરતો હશે ને તેના કામના માટે આપણે તેનાં વખાણ કરીશું ને તેને કહીશું કે શાબાશ, શાબાશ, શાબાશ, ધન્ય છે ધન્ય છે, ખમા ખમા, ઘણું જીવો ઘણું જીવો આવી રીતના તેના કામ કર્યાં બદલના પ્રત્યુપકારમાં આપણે શબ્દોચ્ચાર કરીશું તો તેને સાકર સમાન પ્રીય અને દાક્ષ સમાન મીઠા લાગશે અને એકદમ પ્રેમતરંગના આવેશમાં આવી જશે. ઘોડા, હાથી, શ્વાન વિગેરે પ્રાણીઓને પણ જો આપણે તેમની પીઠ થાબડીશું ને કહીશું કે શાબાશ બેટા શાબાશ, તો તે પ્રાણીઓ પણ ગેલ કરવા મંડી જશે અને પ્રેમના તોરમાં આવી જશે. કુતરાઓ પુંછડીઓ હલાવશે, ઘોડાઓ ખાંખારશે. હાથીઓ મદોન્મત્ત થશે. આવી રીતે પ્રાણી વર્ગને પણ સ્વપ્રશંસા–ખુશામત પ્રીય હોય છે.

ક્ષુદ્રમાં ક્ષુદ્ર આદમીને પણ જો આપણે સારૂં લાગે તેવા શબ્દો કહીશું –તેનાં વખાણ કરીશું તો તે પણ આનંદના ઉછરંગમાં આવી જશે. દેવતાઓની પણ જો સ્તુતિ વંદન કરીશું તો તેઓ પણ પ્રસન્ન થશે અને આપણી સેવા બજાવવા તત્પર થઇ જશે. ગધેડાને પણ જો હાથ પંપાળી શાબાશ શાબાશના પોકાર કરીશું તો તે પણ મસ્તાન બની જશે અને ખુશનુમાં આવી જશે. આવી રીતે સારી આલમમાં સર્વે ઐહિક દુનિયાની લાલસાને ગ્રસ્ત જીવો ખુશામત–સ્વપ્રશંસાને પ્રીય ગણે છે અને ખુશામતનું દાસત્વપણું સ્વીકારે છે. આવી રીતે સંસારી જીવો આત્માના નિષ્પાપપણા–સત્યસ્વરૂપપણાના ધર્મને ભ્રમથી વ્યવહાર દશામાં પ્રકૃતિના–દેહના ધર્મમાં લગાડે છે. જ્યારે ત્હમને ત્હમારા સત્ય સ્વરૂપનો સ્વાનુભવ થશે ત્યારે પછી તમે આ ક્ષુદ્ર શરીરની મહત્તા મેળવવાની ખાતર કદિ વળખાં મારશો નહિ. તમે આ ક્ષુદ્ર શરીરને માટે દંભ કરવાનું કદિ પસંદ નહિ કરો, આત્માનો મહિમા શરીરમાં આરોપણ કરવાની અને શરીરના પ્રકૃતિના વિકારાદિ ધર્મ સત્યસ્વરૂપ આત્માના ધર્મમાં કલ્પવાની આપણે ભૂલ કરીએ છીએ. આ ભૂલ, ભ્રાંતિ અને અજ્ઞાન–અ-વિદ્યા એ આ ક્ષુલ્લક શરીરનો મહિમા વધારવાનુંજ કારણ છે. હું મોટો ગણાઉં. સર્વોપરી ગણાઉં. સર્વત્ર મારો અમલ ચાલે. સર્વ દિશામાં મારી કિર્તિનાં બણગાં ફુંકાય, સર્વ મને માન આપે હું બોલું એજ પરમેશ્વર બોલ્યા તેમ મારા શબ્દો અધર હવામાં ન ઉડી જતાં તેનો તાત્કાલીક અમલ થાય આવી રીતની સંસારગ્રસ્ત પ્રાણીઓને પોતપોતાની શક્તિ મંજુરીએ અને સ્થિતિના પ્રમાણમાં સ્વપ્રશંસા કરાવવાની અભિલાષા પ્રાપ્ત થાય છે. હવે

જે મનુષ્યો દુનિયાદારીના અંગે સ્વપ્રશંસા કરાવવાની ઇચ્છા રાખે છે તે વસ્તુતઃ કોની પ્રશંસા કરાવે છે તે વિષે વિચાર કરવો આ સ્થળે ઘણોજ અગત્યનો થઇ પડશે. એટલું વાસ્તવિક રીતે આપણે કબુલ કરીશું કે "પ્રાણજીવનનો ઘોડો" એટલે ઘોડાનો માલીક પ્રાણજીવન છે પણ પ્રાણજીવન તે કંઇ ઘોડો નથી. મોહનલાલની પેનસીલ એટલે પેનસીલનો માલીક મોહનલાલ છે પણ મોહનલાલ કંઇ પેનસીલ નથી. તેવીજ રીતે અમુલખનો કોટ એટલે કોટનો માલીક અમુલખ છે પણ કંઇ કોટ એ અમુલખ નથી, બન્ને ભિન્ન ભિન્ન વ્યક્તિ છે. તેવીજ રીતે તમારા કાન પકડીને કોઇ તમને પૂછે કે બોલો આ શું છે? તો તમો તરત કહેશો કે તે કાન છે, ફરી તમને પૂછશે કે આ કાનનો માલીક કોણ છે? તો તમો તરત કહેશો કે હું છું. આવી રીતે તમારા શરીરનો કોઈ પણ ભાગ બલ્કે તમારૂં આખું શરીર ઝાલીને તમને કોઇ કહેશે કે આ કોનું શરીર છે? તો તમો તરત કહેશો કે તે મારૂં શરીર છે અને તેનો માલીક પણ હું છું. આ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે તમો આ શરીરના માલીક છો એટલે તમારૂં શરીર અને તમો કંઇ જુદી જુદી વ્યક્તિઓ છો, તમારૂં શરીર તે તમો નથી તેમ તમો તે તમારૂં શરીર નથી. Possessor and possessed are quite two different things ગ્રાહ્ય અને ગ્રાહક કોઇ દિવસ એક કહી શકાય નહિ. વાસ્તવિક રીતે તમારૂં શરીર અને તેની અંદર રહેલો તમારો આત્મા એ ભિન્ન ભિન્ન વસ્તુ છે. આપણે ઉપર બતાવી ગયા છીએ કે આત્મા, અને પુદ્ગલ–શરીર એ વ્યક્તિએ ભિન્ન ભિન્ન છે, આથી આપણને સ્પષ્ટ સમજાય છે કે પરમાણુવત્ જે જે પ્રકૃતિનાં સ્વરૂપો જેવાકે ખુશામત, દંભ, અભિમાન, પ્રશંસા વિગેરે છે તે આત્મિકના ધર્મો નથી અને તે તદન નકામા અને નિરૂપયોગી છે કારણ કે જે પારકું છે તે કદિ પોતાનું થતું નથી. હમેશાં પોતાનું હોય છે તેજ પોતાની પાસે રહે છે. દેહ અત્યારે જેને જેઓ પોતાનો માને છે તે પણ અવસાન કાળ પુરો થએ આત્મા છોડી દેઇ ચાલ્યો જવાનો.

પર તે પોતાનું નહિ થાશે, જોતાં જાગી જણાશે,'
ખોજો ઘટમાં ગુરૂગમ જ્ઞાન, શુદ્ધ તત્વ પરખાશે.

( શ્રીમદ્ બુદ્ધિસાગરજી )

આપણે જે વાહ વાહ કહેવડાવા માગીએ છીએ, ખુશામત કરાવવા માગીએ છીએ તે જો આપણા આત્માના હિતાર્થે થતું હોય તો તો તે યુક્ત છે નહિતો પછી તે કેવળ નિષ્પ્રયોજન અને નિરર્થક છે.

મારૂં નહી તે મારૂં માનવું તે ન્યાયશાસ્ત્રથી પણ ઉલટું કહી શકાય છે. કદિ પારકું તે પોતાનું કહી શકાય નહિ, જગતમાં આજે આપણે જે દુઃખો, ભયો, કલેશો, અનુભવીએ છીએ તેનું કારણ પણ તેજ છે નહીતો દુઃખ કલેશ કદિ સંભવી શકેજ નહિ. દુઃખ કલેશ વિગેરેનું ઉત્પન્ન કર્તા અહંભાવ અને મમતા છે અને તે આત્માની અપેક્ષાએ પર છે તેને પોતાનાં માનવામાં લોકો ભુલોના ચકાવામાં પડે છે. જે ચીજ જેવા રૂપે કરી સહિત હોય તેને તત્રૂપે ધારવામાંજ અને કહેવામાંજ ફાયદો સમાયલો છે અને તેનેજ જૈન ધર્મ સમ્યગ્દ્રષ્ટિ કહે છે. તે મુજબ અમલ કરવામાંજ ગર્ભિત સુખ સમાયલું છે, નહીંતો વખતે આંડનું ચોંડ વેતરવામાં એટલે એકનું બીજામાં અને બીજાનું ત્રીજામાં એમ ભેળ-

એક વખતે એક ડૉક્ટરે એક દરદીને આંખમાં અંજન કરવાની અને પેટમાં ખાવાની દવા આપી. હવે આ દરદીએ ભુલથી જે આંખમાં નાંખવાની દવા હશે તે પેટમાં નાંખી અને પેટમાં નાખવાની દવા હશે તે આંખમાં આંજી આથી પરિણામ એ આવ્યું કે તે આંખે અંધ થયો અને પેટનું જઠર બગડયું આથી દરદીને બિચારાને ઘણુંજ ખમવું પડયું અને તેની જીંદગી બરબાદ ગઇ અને પોતાની ભુલ માટે પોક મુકી રોવા લાગ્યો, આવી રીતે આપણે પણ આપણા નિષ્પાપ અને સત્ય સ્વરૂપ આત્માના ધર્મને વહેવારમાં શરીર-પ્રકૃતિ-માયામાં લગાડીએ છીએ અને તેને પરિણામે હરેક પ્રકારના કલેશો, ગ્લાનીઓ, દુઃખો આપણે પ્રાપ્ત કરી શકીએ છીએ. કેટલાક આ દેહને સર્વસ્વ માને છે, તેનુંજ પાલણ પોષણ કરવામાં અને ઇંદ્રિયાદિક વિષયોની લાલસા તૃપ્ત કરવામાં મગ્ન રહે છે. આશા, તૃષ્ણા અહંભાવ, ખુશામત એમાંજ તત્પર રહે છે અને સત્ય સ્વરૂપ જે આત્મા તેના ગુણો પ્રગટ કરવાનું ભુલી જાય છે. રત્ન મુકી કાચને ગ્રહણ કરે છે, પારસમણી મુકી પથ્થરને ઝાલે છે. આ સંબંધમાં પરમયોગી મહાત્મા આનંદ ઘનજી કહે છે કેઃ—

અબધુ સૌ જોગી ગુરૂમેરા ઇન પદકા કરે જે નિવેડા, અબધુ.
તરૂવર એક દો પંખી બેઠાં એક ગુરૂ એક ચેલા,
ચેલે ને જુગ ચુનચુન ખાયા ગુરૂ નિરંતર ખેલા, અબધુ.

વળી પૌદ્ગલિક જે આત્માની અપેક્ષાએ તુચ્છ શકિત તે અગાધ સામર્થ્યના ધણી આત્મા ઉપર અમલ ચલાવે છે તે જોઇ જ્ઞાનીઓ હસે છે અને કહે છે કેઃ—

બીલ્લી પાછળ ઉંદર ધાયો, ઘાસ ઢોરને ખાય.
શીલા ધોબીને ધુવે ત્યાં આરો કૌતુકપાય—
ભૂપર મીન ચાલે રે અગ્નિએ બળે પાણી ઝરો—
લુટાતો ધોળે દહાડે રે, ચૌટા વચ્ચે રાજા ખરો. ( શ્રીમદ્ બુદ્ધિ સાગરજી )

આ દુનિયામાં સેંકડે નવાણુ ટકા આમજ દ્રશ્યમાન છે. હવે બંધુઓ વિચારો કે જે પ્રકૃતિનું સ્વરૂપ તદન આત્મીક સ્વરૂપથી ભિન્ન છે, તદન તેનાથી ઉતરતી પંક્તિનું છે, બંને વ્યકિતઓના અરસ્પરસ ધર્મો જુદા છે, તો હવે એકને બીજામાં આરોપણ કરવાથી શો ફાયદો થાય ? સિંહ ને શિયાલ અને શિયાલ ને સિંહ માનવાથી કેટલો બધો અનર્થ પેદા થાય ? ઘોડાના સ્વારને ઘોડો માનવામાં કેટલી બધી ભુલ ગણાય ? માટે છેવટ પૂર્ણાહુતી કરતાં જણાવવાનું કે પરાઇ ( પારકી ) વસ્તુઓ છે તે કદિ પોતાને ફાયદો કરતી નથી તેમ પોતાની થતી નથી માટે તેમાં લુબ્ધ ન થતાં દરેક જીવે પોતાના આત્માનું અવલોકન કરવું અને અહંભાવ, મમતા, ખુશામત એ સઘળા માયા પ્રત્યયિક પ્રકૃતિનાં રૂપાંતરો જાણી તેનો ત્યાગ કરવો અને સમતાગુણ સંપાદન કરવો. શ્રીમદ્ આનંદ ઘનજી મહારાજ પરમ શાંતિનું સ્વરૂપ વર્ણવતાં કહે છે કેઃ—

માન અપમાન ચિત્ત સમ ગણે,
સમગણે કનક પાષાણ રે
વંદક નિંદક સમ ગણે.
ઇસ્યો હોય તુજ જાણ રે— શાંતિજીન૦

આ મુજબ દરેક પળે, દરેક પ્રસંગે, દરેક સંયોગોમાં પછી તે સાનુકુળ હોય કે પ્રતિકુળ દરેકમાં પ્રસંસાથી ફુલાઇ નહિ જતાં સમતા ભાવ આદરવો કે જેથી આત્માનું આ

# बालिका सुबोध.

( યોજક–ડી. જી. શાહ. માણેકપુર. )

( ૧ ) પ્રિય પુત્રી ! જે વખત તારૂં લગ્ન થયું ત્યારથી તું પરાઇ થઇ ચુકી છે તો તું અત્રે જેવી ધર્માનુસાર વર્તતી તેનાથી પણ અધિક તારા સ્વસુર વર્ગને આધીન થઈ ઉત્તમ રીતે વર્તવા લક્ષ રાખજે.

( ૨ ) તારા પૂજ્ય પતિની આવક ઉપર ખ્યાલ રાખી યોગ્ય ખર્ચ કરવા–કરાવવા ધ્યાનમાં લેજે, અને તેમના કામકાજમાં મદદગાર થઇ કરકસરથી ઘર સંસાર ચલાવજે.

( ૩ ) મનને ધૈર્યતાથી વશ રાખી અવળે રસ્તે નહિ ચાલતાં સ્વામિ સેવામાં તત્પર રહે જે. સ્વામિ એજ તારો મોટો દેવ છે તેથી મન, વચન અને કાયાથી તારા સ્વામિ વિરૂદ્ધ કાર્ય કોઇ વખતે કરતી નહિ.

( ૪ ) ઘંટી, ચુલો, પાણી તથા ઘી આદિ પદાર્થો, વાસણો, પાણીઆરૂં, લાકડાં, છાણાં વિગેરે સર્વ વસ્તુઓ બરાબર તપાસીને ઉપયોગ કરજે કે જેથી અહિંસા ધર્મ પાળી શકાય.

( ૫ ) લાડકી બાળા ! રાત્રે એકલાં પરઘર જતી નહિ. તેમજ દિવસે પણ જરૂર પ્રસંગ વિના નકામી વાતો—કુથલી માટે ભટકવાનું રાખીશ નહિ, લાજ, મરજાદ સાચવવા માટે બનતો ઉદ્યમ કરજે અને જીભડીને કોઇને અપ્રિય લાગે તેવાં વચન–કંટકો બોલવાની આદત પાડીશ નહિ.

( ૬ ) શરીરના ગુહ્ય ભાગ જણાય તેવાં ઝીણાં–બારીક કપડાં અને શિયલ ભંગ થાય તેવાં બંગડી આદિ અઘટિત શણગારો પહેરતી નહિ કે જેથી તારી આબરૂ દિન પ્રતિદિન વધતીજ જશે.

( ૭ ) વ્હાલી બેન ! હવે દિવસો દિવસ તારી જુવાન અવસ્થા આવતી જશે, તો તે સમયમાં તારી મનોવૃત્તિને દબાવી રાખવા પ્રયત્નશિલ થજે, ઇંદ્રિયોને કબજે કરવા મનને વશ રાખવું એ પ્રથમ કર્તવ્ય છે.

( ૮ ) યુવાન પુરૂષોથી વાતચિતનો પ્રસંગ રાખીશ નહિ તેમજ એકાંત સહવાસમાં ભુલથી પણ ઉભી રહીશ નહિ, વળી નીચ અને હલકા કુળની સ્ત્રીઓ સાથે પણ સેયરપણું અને ભાષણ સુહાંએ કરતી નહિ.

( ૯ ) તારા માતા પિતા અને સાસુ સસરાના કુટુંબની આબરૂં શિયલ પાળીને વધારજે, પરંતુ મરણાંત કષ્ટે પણ કુળને લાંછન લાગે તેવું અકર્ત્તવ્ય કરીશ નહિ.

( ૧૦ ) વૃદ્ધ અને સુશીલ સ્ત્રીઓની સોબત રાખજે. ક્ષણ વખત પણ આળસ અને પ્રમાદમાં વ્યતિત કરીશ નહિ. ફુરસદના વખતમાં ધર્મ અને નીતિપયોગી સદ્ગ્રંથો વાંચવાનું લક્ષ રાખજે.

( ૧૧ ) ચંચળતાનો ત્યાગ કરી નિર્મળ દૃષ્ટિથી ચાલવા ટેવ પાડવી, રસ્તામાં જતાં આવતાં લાજ મરજાદા રાખી પુરૂષ વર્ગ તેમજ બીજી બાજુ તરફ આડું અવળું જોવા લક્ષ રાખવું નહિ.

( ૧૨ ) ઘરના તથા ધર્મના કામમાં ઉદ્યમી થવું, ઉંચે સાદે બોલવું નહિ, હસવાની ટેવ રાખવી નહિ અને રસ્તા ઉપર ઉભા રહી બગાસું, છીંક, આળસ વિગેરે ખાવાં નહિ,

# सत्यनो विजय.

( લેખક. દલસુખભાઇ ગિરધરલાલ શાહ. માણેકપુર. )

—વસંત તિલકા—

(૧)

છે સત્ય શ્રેષ્ઠ જગમાંહી પવિત્ર પુણ્ય,
છે જૂઠ નેષ્ઠ જગમાં અપવિત્ર પાપ;
જૂઠે ઇસાન દિન ચારની ચાંદની એ,
તે સત્યનો વિજય થાય અખિલ વિશ્વે.

૨

જે રામ ધર્મ, નળને સૂર્યકાન્ત રાણા;
સત્યે મહાન જનમાં નર તે ગણાણા;
છે સત્ય સર્વ વ્રતનું વર નાક નિશ્ચે,
તે સત્યનો વિજય થાય અખિલ વિશ્વે.

૩

સર્વે ગુણો ગણતીમાં નદી રૂપ જાણો,
તેનો પ્રવાહ સત્ સાગરમાં સમાણો;
પાયા વિના નહિ ઇમારત સ્થિર રહેશે,
તે સત્યનો વિજય થાય અખિલ વિશ્વે.

૪

જ્યાં સાચ વાસ સ્થિર ત્યાં રતિ આચનોયે,
જ્યાં સાચ વાસ સ્થિર ત્યાં બહુ સંપ હોયે;
ત્યાં શાન્તિ સિદ્ધિ સુખડાં સરવે રહેજે,
તે સત્યનો વિજય થાય અખિલ વિશ્વે.

૫

છે સત્યતા ગરીબ તણી દયાળુ માતા,
આપે સુખો બહુજ સત્ય વડે વિધાતા;
જે સત્યથી સકળ લોક તરેજ જગતે,
તે સત્યનો વિજય થાય અખિલ વિશ્વે.

૬

જે નોટ, ચેક, ખત, બેંક અનેક આજે,
સાટાં, સગાઇ, ધિરધાર વિદેશ ગાજે;
એ લાજ સાખ સઘળી સત્ જ્યાં લગી છે,
તે સત્યનો વિજય થાય અખિલ વિશ્વે.

૭

જો સત્ય સૂર્ય કદી અસ્તપણું ધરે તો,
દુઃખદ પ્રચાર બહુ વેગ થકી ભને તો;
વ્યાપે મહા પ્રલય કાળ કરાળ જેણે,
તે સત્યનો વિજય થાય અખિલ વિશ્વે.

આવી ચડે કદીક આફત રાજમાંથી,
સ્યામા, સુપુત્ર, ગજ, અશ્વ મરાય સાથી;
છોડે ન સત્ય કદી જંગલમાં વસાવે,
તે સત્યનો વિજય થાય અખિલ વિશ્વે.

૫

ચિત્તે ધરો સરળ ચિંતન ભાવ સત્યં,
દેહાંત તોય ન વદાય અસત્ય વાક્યં;
કાયા જ સત્ય પથગામી કરાય પ્રેમે,
તે સત્યનો વિજય થાય અખિલ વિશ્વે. **सत्य मेव जयते.**

# श्री अष्टम जैन श्वेताम्बर कॉन्फरन्स–मुल्तान.

( અધિવેશન ૧૯, ૨૦,૨૧ ફેબ્રુઆરી ૧૯૧૩ )

## પ્રથમ પ્રસ્તાવ.

### ( પ્રમુખકી તરફસે આશિર્વાદ. )

યહ જૈન શ્વેતાંબર કોન્ફરન્સ જિસ ન્યાયી બ્રિટીશ શાસનકી શિતલ છાયાકે નીચે હમ લોગ અપને ધર્મકા નિર્વિત પાલન તથા પ્રચાર કર રહે હૈં, ઉસ બ્રિટીશ સામ્રાજ્યકે નાયક વર્તમાન સમરાટ શ્રીમાન્ પંચમ જ્યોર્જ તથા સમરાજ્ઞી શ્રીમતી મેરીકા યહ કોન્ફરન્સ અંતઃકરણસે અભિનંદન કરતી હૈ. ઔર સર્વદા સામ્રાજ્યકી અભિવૃદ્ધિ ચાહતી હૈ, ઔર ભારતકી પ્રજાકો જો નયે હક દિયે ગયે હૈ ઉસકે લિયે કૃતજ્ઞતા પ્રદર્શીત કરતી હૈ.

## દ્વિતીય પ્રસ્તાવ.

### ( પ્રમુખકી તરફસે )

ભારતવર્ષકે લોકપ્રિય વાઇસરાય લૉર્ડ હાર્ડિંજ મહોદયપર જિસ નરાધમને બોમ્બ ફેંકકર અસહ્ય કષ્ટ પહુંચાયા ઉસ દુષ્ટકે પ્રતિ યહ જૈન શ્વેતાંબર કોન્ફરન્સ અત્યંત ઘૃણા પ્રગટ કરતી હૈ ઔર ઉક્ત દુષ્ટકે મનોરથ નિષ્ફલ હોનેસે ખુશી મનાતી હૈ ઔર શાસનકે અધિષ્ટાતા દેવતાસે પ્રાર્થના કરતી હૈ કિ શ્રીમાનકો શીઘ્ર આરોગ્ય લાભ હો.

## તૃતીય પ્રસ્તાવ.

### ( પ્રમુખકી તરફસે )

અહમદાબાદ નિવાસી શેઠ લાલભાઇ દલપતભાઇ, નગરશેઠ ચીમનલાલ લાલભાઇ, શેઠ મનસુખભાઇ ભગુભાઇ, શેઠ મણીભાઇ જેસીંગભાઇ, હોશિયારપુર નિવાસી લાલા મહેરચંદજી, ભરુચનિવાસી શેઠ અનુપચંદ મલુકચંદ, ઔર ભાવનગર નિવાસી શેઠ ત્રિભોવનદાસ ભાણજીકે અકાલ મૃત્યુપર યહ જૈન કોન્ફરન્સ અત્યંત શોક પ્રગટ કરતી હૈ ઔર ઉનકી આત્માઓંકો લોકમેં શાંતિ મિલે ઐસા ચાહતી હૈ. ( અપૂર્ણ. )

# શ્રીમદ્ બુદ્ધિસાગરજી ગ્રન્થમાળામાં-પ્રગટ થયેલા ગ્રન્થો.

| ગ્રન્થાંક. | પૃષ્ઠ. | કીં. રૂ. આ. પા. |
|---|---|---|
| ૦. ભજન સંગ્રહ ભાગ ૧ લો+ ... | ૨૦૮ ... ... | ૦—૮—૦ |
| ૧. અધ્યાત્મ વ્યાખ્યાન માળા* ... | ૨૦૬ ... ... | ૦—૪—૦ |
| ૨. ભજન સંગ્રહ ભાગ ૨ જો+ ... | ૩૩૬ ... ... | ૦—૮—૦ |
| ૩. ભજન સંગ્રહ. ભાગ ૩ જો* ... | ૨૧૫ ... ... | ૦—૮—૦ |
| ૪. સમાધિ સતકમ્* ... | ૩૪૦ ... ... | ૦—૮—૦ |
| ૫. અનુભવ પચ્ચિશી× ... | ૨૪૮ ... ... | ૦—૮—૦ |
| ૬. આત્મપ્રદીપ ... ... | ૩૧૫ ... ... | ૦—૮—૦ |
| ૭. ભજન સંગ્રહ ભાગ ૪ થો× ... | ૩૦૪ ... ... | ૦—૮—૦ |
| ૮. પરમાત્મદર્શન ... ... | ૪૩૨ ... ... | ૦—૧૨—૦ |
| ૯. પરમાત્મજ્યોતિ× ... ... | ૫૦૦ ... ... | ૦—૧૨—૦ |
| ૧૦. તત્ત્વબિંદુ* ... ... | ૨૩૦ ... ... | ૦—૪—૦ |
| ૧૧. ગુણાનુરાગ (આવૃત્તિબીજી) ... | ૨૪ ... ... | ૦—૧—૦ |
| ૧૨. ૧૩. ભજન સંગ્રહ ભાગ ૫ મો તથા જ્ઞાનદિપીકા | ૧૯૦ ... ... | ૦—૬—૦ |
| ૧૪. તીર્થયાત્રાનું વિમાન ( આવૃતિ બીજી ) | ૬૪ ... ... | ૦—૧—૦ |
| ૧૫. અધ્યાત્મ ભજન સંગ્રહ ... | ૧૯૦ ... ... | ૦—૬—૦ |
| ૧૬. ગુરૂબોધ.× ... ... | ૧૭૨ ... ... | ૦—૪—૦ |
| ૧૭. તત્ત્વજ્ઞાનદિપીકા* ... ... | ૧૨૪ ... ... | ૦—૬—૦ |
| ૧૮. ગહુંલી સંગ્રહ ... ... | ૧૧૨ ... ... | ૦—૩—૦ |
| ૧૯. શ્રાવક ધર્મસ્વરૂપ ભાગ ૧ લો ( આવૃત્તિ ત્રીજી.) | ૪૦ ... ... | ૦—૧—૦ |
| ૨૦ .. ,, ,, ,, ભાગ ૨ જો ( આવૃત્તિ ત્રીજી.) | ૪૦ ... ... | ૦—૧—૦ |
| ૨૨ ભજન પદસંગ્રહ ભાગ ૬ ઠો ×... | ૨૦૮ ... ... | ૦—૧૨—૦ |
| ૨૨. વચનામૃત ... ... | ૩૮૮ ... ... | ૦—૧૪—૦ |
| ૨૩ યોગદીપક. ... ... | ૨૬૮ ... ... | ૦—૧૪—૦ |
| ૨૪. જૈન ઐતિહાસીક રાસમાળા ... | ૪૦૮ ... ... | ૧—૦—૦ |
| ૨૫ અધ્યાત્મ શાન્તિ (આવૃત્તિ બીજી) | ૧૩૨ ... ... | ૦—૩—૦ |
| ૨૬ આનન્દઘન બહોતરી પદ ભાવાર્થ સહ. | ... ... ... | છપાય છે. |
| ૨૭ કાવ્યસંગ્રહ ભા. ૭ મો. ... | ... ... ... | ,, |

+ આ નીશાની વાલા ગ્રન્થો માત્ર **વીશ**ની અંદર શીલક છે.

* આ નીશાની વાલા ગ્રન્થો માત્ર **એકસો**ની અંદર શીલક છે.

× આ નીશાની વાલા ગ્રન્થો માત્ર **બસો**ની અંદર શીલક છે.

## ગ્રન્થો નીચલા સ્થળેથી વેચાણ મળશે.

૧. **અમદાવાદ**—જૈન બોર્ડીંગ-ઠે. નાગોરીશરાહ.

૨. **મુંબઇ**—મેસર્સ મેઘજી હીરજીની કું,-ઠે. પાયધુણી.

,, —શ્રી અધ્યાત્મ જ્ઞાનપ્રસારક મંડળ-ઠે. ચંપાગલી.

૩. **પુના**—શા. વીરચંદ કૃષ્ણાજી.-ઠે. વૈતાલપેઠ.

---

પ્રીય વાંચકો પૃષ્ઠ ૨૧૭૦ પછી પૃષ્ઠ ૨૧૭૧ થી ૩૧૭૮ સુધારી વાંચવાં.

# અ૦ જ્ઞા૦ પ્ર૦ મંડળ તરફથી.

## પ્રગટ થયેલ નવીન ગ્રન્થો.

### જૈન ઐતિહાસિક રાસમાળા–પૃષ્ટ ૪૦૮
### પાકી બાઇન્ડીંગ કીં. માત્ર રૂ. ૧–૦–૦

અમદાવાદના નગરશેઠના પૂર્વજ, જૈનોની જાહોજલાલીમાં અગત્ય નો ભાગ ભજવનાર, બાદશાહિ ફરમાનો અને માન મેળવનાર, ચમત્કારીક રીતે મંત્રનો પ્રભાવ પામનાર, ગાયકવાડ અને અંગ્રેજ સરકારનું સાલીયાનું (વર્ષાશન) મેળવનાર, અકબરના સમયથી રાજ્યો સાથે માનભર્યો સંબંધ જાળવનાર, શ્રેષ્ટિવર્ય શ્રી **શાન્તિદાસજી** અને તેઓના વારસ પુત્રોનાં જાણવા યોગ્યચરીત્રો પદ્યમાં રાસરૂપે અને ગદ્યમાં ભાવાન્તર સાથે અત્યાર સુધીની નવીન અપ્રસિદ્ધ જાણવાયોગ્ય હકીકતો સાથે, અને આખા કુટુંબની વંશાવલી જે ૧૬ પ્રષ્ટની થઇ છે તે સાથે તેમજ બાદશાહી–ગાયકવાડી–અંગ્રેજ સરકારના ફરમાંનોની નકલો સાથે આગ્રન્થ ઘણોજ ઉપયોગી અને જાણવા યોગ્ય થયો છે. મહેનતના પ્રમાણમાં કીંમત કંઈજ નથી–કઠીણ શબ્દોનો શબ્દાર્થ કોષ પણ આપ્યો છે–ઉપરાંત ૧૧ **પ્રાચીન મહામુનિઓ**ના રાસો અને ચરીત્રો આ ગ્રન્થ માં આપ્યાં છે જે તેઓની પાટે ઉતરી આવેલા હાલના મુનિરાજોને જાણવા યોગ્ય અને અનુકરણ કરવા યોગ્ય છે. ૧૧ રાસનાં નામ ( ૧ ) લક્ષ્મિસાગર સૂરિ ( ૨ ) નેમીસાગરોપાધ્યાય. ( ૩ )વિજય દેવસૂરિ ( ૪) વિજયાનંદ સૂરિ, ( ૫ ) કલ્યાણવિજય ગણિ, ( ૬ ) સત્યવિજય પન્યાસ, ( ૭ ) કર્પુરવિજય ગણિ ( ૮ ) ક્ષમાવિજય ગણિ ( ૯ ) જીનવિજય ગણિ, ( ૧૦ ) ઉત્તમ વિજયજી પન્યાસ, ( ૧૧ ) પદ્મવિજયજી ગણિ,—

### અધ્યાત્મશાન્તિ આવૃત્તિ બીજી.
### પાકી બાઇન્ડીંગ પૃષ્ટ ૧૩૨. કીં. રૂ. ૦–૩–૦

ખરેખર શાન્તિને આપનારો આ લઘુગ્રન્થ અહોનીશ અભ્યાસપાઠની માફક મનન કરવા યોગ્ય છે. શ્રીમદ્ બુદ્ધિસાગરજીએ તે સં. ૧૯૫૯ માં રચેલો છે તેની આ બીજી આવૃત્તિ સુધારા સાથે પ્રગટ થઈ છે. ગ્રન્થ અપૂર્વ છે.

---

વચનામૃત. યોગદીપક. ભ૦ ભાગ છઠ્ઠો.
ગુરૂબોધ. તીર્થયાત્રાવિમાન ઇત્યાદી.

ગ્રન્થો દરેક ઘરમાં અવશ્ય હોવા જોઇએ ( ૨૭ ગ્રન્થોનાં નામો અને કીંમત માટે વાંચો પાછળનું પૃષ્ટ. )